સુવિચાર

જે માણસ દિવ્ય ભાષાનું જ્ઞાન ધરાવતો ન હોય તેણે તેની માતૃભાષાનો જ પ્રયોગ કરવો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૨/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૦૬૫


## જગતાત ગણાતા ખેડૂતો એક સાંધે તો તેર તૂટેની સ્થિતિમાં

# વધુ એક ઉપાધિ : ડુંગળીમાં બાફીયો નામનો રોગ આવ્યો

લોહી-પાણી એક કરીને ખેડૂતોએ તૈયાર કરેલ ડુંગળીનાં પાકમાં રોગચાળાથી ચિંતાનો માહોલ

નિકાસબંધીની ચિંતામાંથી મુક્ત થયા તો ખેડૂતોને નવી ઉપાધિ આવી

એક વિઘાનાં વાવેતરમાં રૂપિયા ૨૦ હજાર જેવો થયેલ ખર્ચ એળે જવાની દહેશત

સરકારે સર્વે કરીને ખેડૂતોને જરૂરી આર્થિક મદદ કરવી જોઈએ તેવી માંગ થઈ



અમરેલી, તા. ૨૭

ખેતીપ્રધાન દેશમાં ખેડૂતોની માઠી દશા બેઠી હોય તેમ અમરેલી જિલ્લામાં ડુંગળી પકવતા ખેડુતોને નિકાસબંધી બાદ ડુંગળીમાં અચાનક બાફીયો નામનો રોગ આવતા ખેડૂતોની પરસેવાની કમાણી ડુંગળીમાં સમાણી જેવો ઘાટ ઘડાયો છે. ત્યારે અમરેલી જિલ્લામાં ડુંગળી પકવતા ખેડૂતોની સ્થિતિ દયનીય છે.

ગરીબોની કસ્તુરી ડુંગળી ગણાય છે. ત્યારે ડુંગળીમાં અગાઉ સરકાર દ્વારા નિકાસબંધી કરીને ખેડુતોને મોમાં આવેલો કોળીયો છીનવાઈ ગયો હતો. આવી સ્થિતિ નિર્માણ અગાઉ થયેલી હતી. બાદ ડુંગળીની નિકાસબંધી હટાવી લેતા


અનુસંધાન પાના ૬ ઉપર


## વીજપોલનાં કારણે થયેલ અકસ્માતમાં ૧ વ્યકિતનું મોત

# સા.કુંડલા એડિશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટે પીજીવીસીએલને રૂપિયા ૩૦ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો

### એડવોકેટ એમ.જે. સૈયદની દલીલો સફળ રહી



અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા એડિશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ દ્વારા પીજીવીસીએલ કંપનીને રૂપિયા ૩૦ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની હકીકત એવી છે કે તા.૮/૪/૨૦૧૫ના રોજ ગુજરનાર મહમદશફી અબુબકર હીગોરા, રહે. માંડણ, તા.રાજુલાનાં મોટર સાયકલ નં.જીજે-૧૪, એડી-૭૮૫૫ માં પાછળ બેસીને આવતા હતા. ત્યારે મોટર સાયકલ હીગોરા અશરફભાઈ ઈકબાલભાઈ ચલાવીને રાજુલા-મહુવા રોડ ઉપર જઈ રહયા હતા. ત્યારે અચાનક હાઈ-વે રોડને ક્રોસ કરતી વીજ લાઈનના વાયરો ઈલેકટ્રીક થાંભલો તુટી જવાને કારણે રોડ ઉપર આવી ગયેલા. જેથી મોટર સાયકલમાં બેઠેલા મહંમદસફીને ઈલેકટ્રીક થાંભલો


અનુસંધાન પાના ૬ ઉપર


## આગામી થોડા જ દિવસોમાં ભાજપ/કોંગ્રેસ તરફથી નામ જાહેર થવાની સંભાવના

# અમરેલીનાં એમ.પી. માટેની ચૂંટણીમાં એમ (મુકેશ સંઘાણી) અને પી (પ્રતાપ દુધાત)ની ટકકરનાં એંધાણ

### બંને યુવા ચહેરાનાં નામની ચર્ચા સમગ્ર વિસ્તારમાં વેગવંતી બની

અમરેલી, તા. ૨૭

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસનાં કયાં ઉમેદવાર વચ્ચે ટકકર થશે તેને લઈને અનેકવિધ અટકળો વચ્ચે ભાજપ તરફથી યુવા આઈકોન અને સારહિ તપોવન આશ્રમનાં પ્રણેતા મુકેશ સંઘાણી અને સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત વચ્ચે ટકકરનાં એંધાણ જોવા મળી રહ્યાં છે.



અમરેલી બેઠક માટે ભાજપ તરફથી સૌથી હોટ ફેવરિટ ઉમેદવાર તરીકે મુકેશ સંઘાણીનું નામ ચાલી રહ્યાનું જાણવા મળેલ છે. તો કોંગ્રેસ પક્ષ તરફથી પરેશ ધાનાણીને ચૂંટણી લડવાની ઈચ્છા ન હોવાથી પ્રતાપ દુધાતનું નામ સૌથી હોટ ફેવરિટ બન્યું છે.

આમ અમરેલીનાં એમ.પી. (મેમ્બર ઓફ પાર્લામેન્ટ)ની ચૂંટણીમાં એમ (મુકેશ સંઘાણી) અને પી (પ્રતાપ દુધાત) વચ્ચે ચૂંટણીજંગ ખેલાઈ તો નવાઈ જેવું નહી રહે.



## આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને

# અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિની આવતીકાલે કારોબારી બેઠક યોજાશે

### પૂર્વ ધારાસભ્યો, પ્રદેશનાં અગ્રણીઓ વિગેરે ઉપસ્થિત રહેશે



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા કોગ્રેસ સમિતિ દ્વારા આગામી તારીખ ૨૯/૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ અમરેલી જિલ્લાના કોગ્રેસ અગ્રણીઓની એક અગત્યની મીટીંગ બપોરે ૨:૩૦ કલાકે, જિલ્લા કોગ્રેસ કાર્યાલય જૂનામાર્કેટ યાર્ડની અંદર અમરેલી ખાતે રાખેલ છે.

આ મીટીંગમાં ગુજરાત પ્રદેશ કોગ્રેસ અગ્રણી ચંદ્રિકાબેન


અનુસંધાન પાના ૬ ઉપર














## ગામજનો અને ખેડૂતો જીવનાં જોખમે જીંદગી પસાર કરવા મજબૂર

# અમરેલીનાં ગીરકાંઠાનાં ગામોમાં દીપડાનો હાહાકાર

**ધારી તાલુકાનાં વાવડી ગામે સાંજનાં સમયે વાડી વિસ્તારમાં એક મહિલા ઉપર દીપડાએ કર્યો હુમલો**

**મહિલાએ રાડારાડ કરતાં પરિવારજનો અને અન્ય ખેડૂતો આવી જતાં દીપડો નાશી છુટયો**

**ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ચલાલાનાં દવાખાને ખસેડવામાં આવી**

**વન વિભાગે દીપડા જેવા ખુંખાર પ્રાણીઓ ઉપર સતત વોચ રાખવી જરૂરી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના ગીર નજીક આવેલ વિસ્તારમાં અવાર નવાર વન્ય પ્રાણીઓ ચડી આવતાં હોય. ત્યારે ખેતમજુરો તથા તેમના પરિવારજનો કે પછી તેમના દુધાળા પશુઓ ઉપર હુમલા કરવાના બનાવો હવે રોજિંદા બન્યા છે. ત્યારે ગીરકાંઠાના ધારી તાલુકાના વાવડી (રામવાળાની) ગામે ગઈકાલે સાંજના સમયે એક વાડી વિસ્તારમાં ચાર પગા પ્રાણીએ આતંક મચાવ્યો હતો. જેમાં પોતાના પરિવાર સાથે વાડીમાં કામ કરતાં મહિલા ઉપર દીપડાએ હુમલો કરી દઈ મહિલાને ગંભીર ઈજા પહોંચાડતા અને આ મહિલાએ રાડારાડ કરતાં પરિવારજનો તથા અન્ય લોકો આવી જતાં અને હાંકલા પડકારા કરતા દીપડો નાશી છૂટયો હતો. જયારે હુમલામાં ઘવાયેલ મહિલાને નજીકના ચલાલા ગામે આવેલ દવાખાને સારવાર માટે ખસેડાઈ હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકાના વાવડી (રામવાળાની) ગામથી માત્ર ૫૦૦ ફુટ દૂર આવેલ વાડીમાં ગઈકાલે સાંજે ઘઉં વાઢવાની કામગીરી કામ કરતાં હતા ત્યારે અચાનક દીપડો આવી ચડતા અને ત્યાં હાજર એક બાળકને દીપડો ઈજા કરે તે પહેલાં જ તે બાળકની માતા વચ્ચે પડતા આ



દીપડાએ આ મહિલા શ્રમિક ઉપર જ હુમલો કરી દઈ અને મહિલાને ગંભીર ઈજાઓ કરતાં મહિલાએ રાડારાડ કરતાં પરિવારજનો તથા અન્ય લોકો આવી જતાં અને હાંકલા પડકારા કરતા દીપડો નાશી છૂટયો હતો. જયારે હુમલામાં ઘવાયેલ મહિલાને નજીકના ચલાલા ગામે આવેલ દવાખાને સારવાર માટે ખસેડાઈ હતી.

આ બનાવ અંગે વાવડી ગામના સરપંચે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, અવાર નવાર રાત્રે દીપડા જેવા પ્રાણીઓ દેખા દેતા હોય છે. જેને લઈ ખેતમજૂર અથવા તો ખેડૂતો સતત વન્ય પ્રાણીઓના ભયના ઓથાર નીચે ખેતી કામ કરતાં હોય છે. ત્યારે ગઈકાલે સાંજના ચાર વાગ્યાના સમયે દીપડો ત્રાટકતા હવે દિવસના પણ ખેતી કામ કરવા કોઈ રાજી નથી. જો હવે વનવિભાગ આવા હિંસક પ્રાણીઓથી ખેડૂતોને ભય મુકત નહીં કરે તો ગીરકાંઠા વિસ્તારમાં ખેતી કામ કરવું હવે અશકય બની જશે તેમ વાવડીના સરપંચે અંતમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલાં અમરેલી તાલુકાના જાળીયા ગામે મધ્ય રાત્રીએ ભર ઉંઘમાં પરિવાર સાથે સુતેલા બાળકને દીપડાએ ઉઠાવી લઈ નાસ્યો હતો. પરંતુ આ દીપડો સાત ફુટ કાંટાની વાડ ઠેકવા જતાં બાળક દીપડાના મોં માંથી નીચે પડી જતાં આ બાળકનો જીવ બચી જવા પામ્યો હતો.

## ઉનાનાં ગ્રામ્ય વિસ્તારની ૬ વર્ષની બાળકી સાથે શારિરીક અડપલા કરનાર ઝડપાયો

ઉના, તા. ૨૭

ઉના તાલુકાના એક ગામમાં ૭ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કરી દુષ્કર્મ કરનાર બાળ આરોપીને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી પોલીસે કરેલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉના તાલુકાના એક ગામમાં રહેતો ૧૬ વર્ષીય બાળ આરોપી પોતાના ઘરમાં હોય ત્યારે બાજુના ભાગે રહેતી ૬ વર્ષની બાળકી બપોરના સમયે શાળાએથી છુટયા બાદ ઘરે આવી પોતાના ઘરે એકલી હોય ત્યારે આ બાળ આરોપીએ એકલતાનો લાભ લઈ બાળકીના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી બાળકીને રસોડામાં લઈ જઈ શારીરિક અડપલા કરી દુષ્કર્મ કરતા બાળકી બુમો પાડતા બાજુમાં રહેતી મહિલા આ બાળકી સાથે અડપલા કરી દુષ્કર્મ કરનાર બાળ આરોપીને જોઈ જતા બાળ આરોપી નાસી જતાં નજરે જોનાર પાડોસી મહિલાએ બાળકીની માતાને સાચી હકીકત જણાવતા બાળકીની માતાએ નવાબંદર મરીન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કાર, પોકસો સહિતનો ગુન્હો નોંધી દુષ્કર્મ કરનાર બાળ આરોપીને ગણતરીની કલાકોમાં નવાબંદર પોલીસ સબ.ઈન્સ. પી.જે. બાંટવાએ ઝડપી પાડી બાળ જેલમાં ધકેલી કાર્યવાહી હાથ ધરી હતી.

## ધારીનાં મોરઝર ગામે વૃધ્ધા ઉપર થયો હુમલો

અમરેલી, તા. ૨૭

ધારી તાલુકાના મોરઝર ગામે રહેતા પ્રભાબેન બાબુભાઈ દેવમુરારી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધાના દીકરા તથા પૌત્ર બંને જણા રીક્ષાનું વેલ્ડીંગ કામકાજ કરાવવા સારૂં કારીગર બોલાવેલ હોય. જે કારીગરે વેલ્ડીંગનું કામ કરવા સારૂં વાયર વૃધ્ધાના ઘરના પ્લગમાં લગાડેલ. વૃધ્ધાના પૌત્ર સ્મિત પિન્ટુભાઈ દેવમુરરારીએ વૃધ્ધાને જેમફાવે તેમ ગાળો દેવા લાગેલ અને બુમાબુમ થતા વૃધ્ધાની વહુ શિલ્પાબેન તથા પૌત્રી એકતા દોડી આવીને વૃધ્ધાને જેમ ફાવે તેમ માર મારવા લાગેલ તથા પૌત્રીએ વૃધ્ધાના ડાબા પગ ઉપર નજીકમાંથી બડીયો લાવીને બે ઘા મારી મૂંઢ માર ઈજા કરેલ હતી. ત્યારબાદ વૃધ્ધાએ આ બનાવ બાબતે તેમના પતિ બાબુભાઈ દેવમુરારીને કહેતા તેઓ પણ ગુસ્સે થઈને વૃધ્ધાને ઢીકાપાટુનો માર મારી ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત


## લાઠી–બાબરા પંથક માટે નવી એસ.ટી.બસ ફાળવવા માંગ

**વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને પત્ર પાઠવ્યો**

લાઠી, તા. ૨૭

લાઠી બાબરાના સતત પ્રયત્નશીલ અને જાગૃત અને માત્ર નામના નહી પણ કામના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી બાબરામાં વધુ વિકાસના કામો થઈ શકે તેના માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહયા છે. ત્યારે લાઠી તાલુકા તેમજ બાબરા તાલુકામાંથી બહારગામ જતા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેર તરફ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને મુશ્કેલી ઉભી ન થાય અને સમયસર





બસ મળી રહે તેવા ઉમદા હેતુથી રાજયનાં વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર પાઠવી ધારાસભ્ય દ્વારા લાઠી તેમજ બાબરા તાલુકામાં નવી એસ.ટી.બસોની ફાળવણી કરવા રજુઆત કરવામાં આવી છે. ધારાસભ્યના લાઠી બાબરા વિસ્તારના પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ તેમજ આગેવાનો દ્વારા રજુઆત મળતા આગામી સમયમાં મુસાફરો કે વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે નહી તેના માટે નવા રૂટોની શરૂઆત કરવી ખુબ જ અનિવાર્ય હોવા અંગે ધારાસભ્ય દ્વારા રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીને રજુઆત કરવામાં આવી હતી.

આ રજુઆતના પગલે ગુજરાત રાજયનાં વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવી સાથે ધારાસભ્યએ રૂબરૂ મુલાકાત કરી વહેલી તકે બંને તાલુકામાં નવી બસો ફાળવવામાં આવે તો મુસાફરો તેમજ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીનો અંત આવી શકે તેમ છે. જેથી વહેલી તકે લાઠી બાબરા તાલુકામાં નવા રૂટો શરૂ કરવા બસ ફાળવવામાં આવે તેવી રજુઆત ધારાસભ્ય દ્વારા કરવામાં આવી હતી.

## અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં બાળકોનો પ્રેરણાદાયી પ્રવાસ યોજાયો



અમરેલી, તા. ૨૭

અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવનના ધો. ૬ થી ૯ ના બાળકો પ્રેરણા મુલાકાતે બાળ ભવનમાં ગયાં હતાં. જયાં અમરેલીના ઐતિહાસિક મહત્વ અને પ્રાચીન વસ્તુ તેમજ સંગ્રહાલયમાં આવેલ વિજ્ઞાન કેન્દ્ર તેમજ આકાશદર્શન વગેરે નિહાળ્યા હતાં.

નજીકમાં આવેલ અમરેલીનાં પ્રાચીન નાગનાથ મંદિરની પણ મુલાકાત તેમજ દર્શન માટે બાળ કોને લઈ જવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમ માટે પ્રાથમીક અને માધ્યમીક વિભાગના બધા શિક્ષકોએ સુંદર આયોજન કર્યુ હતું.

## જાફરાબાદનાં કડીયાળી ગામે યુવકને ૩ શખ્સોએ ઈજા પહોંચાડી

અમરેલી, તા. ૨૭

જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે રહેતા છનાભાઈ બાલાભાઈ મકવાણા નામનાં યુવકની દીકરીને તેજ ગામે રહેતા સંજયભાઈ બીજલભાઈ બાંભણીયાએ મોબાઈલ ફોન આપેલ હોય. જે બાબતની યુવકને ખબર પડી જતા તેઓએ બીજલભાઈ ટપુભાઈ બાંભણીયાને ઠપકો આપેલ હોય. તે અંગેનું મનદુઃખ રાખી ગત તા. ૨૪ના સાંજના આશરે સાડા છએક વાગ્યાના આરસામાં ધર્મેશભાઈ બીજલભાઈ બાંભણીયા સહિત ત્રણેય આરોપીઓએ એકસંપ કરી યુવક પાસે આવી યુવકને માથાના પાછળના ભાગે છરી વડે જીવલેણ હુમલો કરી દસ ટાંકા લાવી દીધેલ તથા લાકડાના ધોકાથી કપાળના આગળના ભાગે એક ઘા મારી પાંચ ટાંકા લાવી દીધેલ તથા લોખંડના સળીયાથી ડાબા પગમાં ઘુંટણથી નીચેના ભાગે બેથી ત્રણ ઘા મારી ફેકચર કરી ઓપરેશન આવે તેવી ગંભીર પ્રકારની ઈજા પહોંચાડી જેમફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.

### ખેલમહાકુંભ સીનીયર સીટીઝનસની સ્પર્ધામાં

## અમરેલીના રમતવીર કિશોરભાઈ મિશ્રાની અનેરી સિધ્ધિ

**૪૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર મેળવ્યો**

અમરેલી, તા. ૨૭

રમત ગમત ફક્ત યુવાનો માટે હોય છે તેવું નથી. રમતને કોઈ પણ ઉંમરે રમી અને તેમાં ઉતકૃષ્ટ પ્રદર્શન કરી શકાય છે એવી પ્રેરણા અમરેલીના વરીષ્ઠ રમતવીર કિશોરભાઈ મિશ્રાએ પુરી પાડી છે. અમરેલીના સીનીયર સીટીઝન એથ્લેટ કિશોરભાઈ મિશ્રાને પહેલાંથી જ રમત ગમતનો શોખ હતો. રમત ઉપરાંત સાઈકલીંગ તેમની મનગમતી પ્રવૃત્તીઓ પૈકીની એક કિશોરભાઈએ ખેલમહાકુંભ – સીનીયર સીટીઝન્સની સ્પર્ધામાં ૪૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તો સાથે સીનીયર સીટીઝન્સની વોલીબોલની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અમરેલી જિલ્લામાં યોગાસનની સ્પર્ધાઓમાં તૃત્તીય સ્થાન તો બેડમિન્ટનની સ્પર્ધામાં



જિલ્લામાં તૃત્તીય સ્થાન મેળવ્યું હતું. તાજેતરમાં જ સમાપ્ત થયેલી સ્પર્ધાઓમાં અનેરી સિદ્ધી મેળવનાર કિશોરભાઈ મિશ્રા આગામી સમયમાં રાજય કક્ષાએ જિલ્લાના પ્રતિનિધી તરીકે ભાગ લેશે. આ સિદ્ધી મેળવવા બદલ કિશોરભાઈને પરિવાર તેમજ મિત્રો તરફથી અભિનંદનની વર્ષા થઈ છે.

## ખાંભા સીએચસીનાં ફાર્માસિસ્ટ વય મર્યાદાથી નિવૃત્ત થતાં સમારંભ યોજાયો



ખાંભા, તા. ૨૭

સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાંભાના ફાર્માસિસ્ટ જયેશ પંડયા વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમના વિદાય સમારંભના કરાયેલા આયોજન અવસરે ખાંભાના અગ્રણીઓ, મેડિકલ, ઓફિસર સહિતનાં હાજર મેલ/ફિમેલ સ્ટાફના હસ્તે સામુહિક આરોગ્ય કેન્દ્રના ગ્રાઉન્ડમાં આવેલ રોકડીયા હનુમાનજી મંદિરના પટાંગણમાં જયેશ પંડયા તથા તબીબી સ્ટાફ, અગ્રણીઓના વરદ હસ્તે વૃક્ષારોપણ તેમજ સ્ટાફ તથા આમંત્રિત મહેમાનો માટે હનુમાનજીનો લોટના મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ.

# સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નં. ૨ માં વિવિધ કાર્યક્રમો યોજાયા



તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

શ્રી બ્રાન્ચ શાળા નંબર બે કન્યાશાળા મણીભાઈ ચોકની તમામ બાળાઓએ ઉજાસ ભણી કાર્યક્રમ ૨૦૨૪ના પ્રથમ સત્રના જે પાંચ મોડયુલ પ્રમાણે (૧) બાળકોમાં તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ જેના તજજ્ઞ રેખાબેન પરમાર (૨) મોડયુલ ૨ ભાવનાત્મક અને માનસિક આરોગ્ય જેના તજજ્ઞ સંદીપભાઈ હરીયાણી (૩) મોડયુલ ત્રણ આંતર વૈકિતક સંબંધ જેના તજજ્ઞશ નેહાબેન સોલંકી (૪) મોડયુલ ચાર મૂલ્યો અને નાગરિકતા જેના તજજ્ઞ હર્ષાબેન ચૌહાણ (૫) મોડયુલ પાંચ જેન્ડર સમાનતા જેના તજજ્ઞ આચાર્ય ભારતીબેન બી. રાઠોડ. આ પાંચે મોડયુલ અંતર્ગત શાળાના આચાર્ય ભારતીબેન તેમજ શાળાના શિક્ષક તજજ્ઞોએ પોતાના માનવ વેતનની રકમ ૫૦૦ લેખે ૨૫૦૦ તેમજ ઘટતી રકમ ઉમેરીને ધોરણ ૧ થી ૮ની તમામ હાજર બાળકોને પંડિત દિન દયાળ ઉપવનમાં લઈ જઈ અને પાઉંભાજી ખવડાવી હતી તેમજ તેમને ફરીથી પાંચે મોડયુલના સારની સમજણ આપી હતી. રમત રમાડી હતી, ગરબા રમાડયા હતા, પ્રાર્થના, ધૂન, ભજન તેમજ સમૂહ વાયદ કરાવી હતી. અંતે સરકારના જે ઉજાસપ્પણી કાર્યક્રમ જે છે તેની સંપૂર્ણને રસમય રીતે ઉજવણી ખૂબ જ હર્ષોલાસ્થથી કરવામાં આવી હતી જેમાં શ્રી બ્રાન્ચ શાળા નંબર બે નો સમગ્ર સ્ટાફ તેમજ મધ્યાહનભોજનના મંજુબેન, મનીષા બેન હાજર રહી અને બાળાઓને ખૂબ જ વ્યવસ્થિત રીતે પાઉંભાજી ખવડાવી હતી અને મધ્યાહન ભોજન પણ ત્યાં જ ઉપવનમાં કરાવ્યું હતું. ગીતાબેન, દિવ્યાબેન, રેખાબેન, અરૂણાબેન, હર્ષાબેન, સ્નેહાબેન, અંકિતાબેન, ભૂમિકાબેન સંદીપભાઈ, રમજાનભાઈ, દરેક શિક્ષક પોતાના સોંપાયેલ કાર્ય આચાર્ય ભારતીબેન રાઠોડના માર્ગ દર્શન હેઠળ સરસ રીતે કાર્યક્રમ દીપાવ્યો હતો. સૌથી સુંદર વાત તો એ રહી કે તમામ મોટા ધોરણની દિકરીઓએ એન.એસ.એસ. પ્રવુત્તિ જેમ સ્વછતા પીરસવું નાના બાળકોને રોડ પરથી પસાર કરાવવા સમગ્ર કાર્ય દિકરીઓ એ સાંગોપાંગ પૂર્ણ કર્યુ હતું.

### સફાઈ કામદારો વિવિધ માંગોને લઈને હડતાલ પર હોવાથી

# કુંકાવાવમાં ૨૦ દિવસથી સફાઈકાર્ય બંધ થતાં ગંદકીનો માહોલ

**પંચાયત અને સફાઈ કામદારો વચ્ચે ખટરાગ થતાં અનેક લેભાગુ આગેવાનો સમાધાન થવા દેતા નથી**

**શહેરમાં સફાઈ કામગીરી બંધ થતાં લોકો, વેપારીઓ પરેશાન : ઠેકઠેકાણે ગંદકી-કચરાનાં ઢગલા**

**ગામનાં હિતમાં પૂર્વગ્રહ છોડી આગેવાનોએ બન્ને વચ્ચેનાં વિવાદ ઉકેલવા આગળ આવવું જોઈએ**

**ગ્રામસભામાં સફાઈ કામદારોનો મુદ્દો ઉછળતા બે દિવસમાં ઉકેલ લાવવા પંચાયતની ખાત્રી**





તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, ૨૭

કુંકાવાવ ગ્રામ પંચાયતનાં તમામ સફાઈ કામદારો છેલ્લા ૨૦ દિવસથી કામગીરીથી અળગા થતાં શહેરમાં અનેક જગ્યાએ ગંદકી તેમજ કચરાનાં ઢગલા જોવા મળી રહ્યા છે ત્યારે કોઈપણ જાતની લેખિત રજૂઆત કે માંગ કર્યા વગર હડતાલમાં ગયા હોવાનું પંચાયતે જણાવ્યું છે. ત્યારે પંચાયત અને સફાઈ કામદાર વચ્ચે પગાર અને કામગીરી વચ્ચેનો તાલમેલ અને સંકલનનો અભાવ હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે હાલ સરપંચ રજા પર હોય અને ઈન્ચાર્જ સરપંચ અને તલાટી મંત્રી નવા હોય જેથી મુળ મુદાને સમજી શકતા નથી અને લેભાગુ પોતાા સ્વાર્થ ખાતર એકબીજા વચ્ચે વિવાદ વધે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. એક બેવાર સમાધાર માટે પ્રયાસો થયા છે પણ સફળતા મળી નથી.

આજની ગ્રામસભામાં આ સફાઈ કામદારોનો મુદો ઉછળતા હાજર આગેવાનોની હાજરીમાં ગ્રામ પંચાયતે બે દિવસમાં ઉકેલ લાવવાની ખાત્રી આપી છે અને આ બાબતે તાત્કાલીક એક બેઠકનું આયોજન કરી તેમાં જાગૃત બુધ્ધિજીવી લોકોની હાજરીમાં સમાધાન કરવામાં આવે તેવું જણાવાયું છે. ત્યારે સામાન્ય મુદા વચ્ચેનો ઉકેલ ગેરસમજ તેમજ ગેર વ્યાજબી માંગને કારણે વિવાદ વધતા હાલનો આ મુદો શહેર માટે ટોપ ધ ટાઉન બનેલ છે. ત્યારે આગેવાનોએ બન્ને પક્ષોની વાત સાંભળીને પોતાની જીદ છોડી સમગ્ર ગામના હિત માટે સમાધાન કરાવવા આગળ આવવું જોઈએ તેવી સૌ કોઈ આશા રાખી રહ્યાં છે. ત્યારે આગામી દિવસોમાં આ મુદા બાબતે કોઈ ઉકેલ નહી આવે તો ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાની તૈયારીઓ થઈ રહી છે. ત્યારે મુળ મુદાને સમજીને વિવાદ વધે તે પહેલા પંચાયતે અને સફાઈ કામદારોએ વહેવારૂ ઉકેલ લાવવા આગળ આવવું જોઈએ ત્યારે અનેક આગેવાનોની નિષ્ક્રીયતાનાં લીધે તેમજ ચોકકસ કારણ વિવાદનું જાણ્યા વગર વાતો કરીને એકબીજાને ઉસ્કેરણી થઈ છે તે ઘણી દુઃખની બાબત છે. પોતાના સ્વાર્થ કે રાજકારણ બાજુ પર રાખેને સમગ્ર ગામના હિતમાં પોજીટીવ વલણ દાખવીને આવા ટેકનીકલ મુદા સીલ કરવા જોઈએ તેવું વેપારી મંડળ તેમજ ચેમ્બર્સ ઓફ કોર્મ સહિતની સંસ્થા તથા ગામના લોકો ઈચ્છી રહ્યા છે.

### જનતા જનાર્દનની માંગ પૂર્ણ થતાં હાશકારો

# અમરેલી : મોણપુર નજીક સૌની યોજનાની પાઈપલાઈનમાં નવો વાલ્વ મુકવાનો નિર્ણય

**નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી**

અમરેલી, તા. ૨૭

અમરેલીના યુવાન ધારાસભ્ય કૌશિક વેકરિયાએ તાલુકાના મોણપુર ગામ પાસેથી પસાર થતી સૌની યોજનાની પાઈપલાઈનમાં સ્કાવર વાલ્વ મૂકવાની ગ્રામજનોની માંગણી અંગેની રજૂઆત કરતા ઘણા લાંબા સમયથી પડતર રહેલી માંગણીને આખરે સરકારના સિંચાઈ વિભાગ દ્વારા સ્વીકારીને મંજૂર કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારના જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૭/૨/૨૦૨૪ના હુકમથી મોણપુર ગામ



ખાતે સૌની યોજનાની પાઈપલાઈનમાં વાલ્વ મૂકવાના આ કામને સૈધ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે.

### દામનગરમાં આજે

# વિનામૂલ્યે નેત્રયજ્ઞ યોજાશે




દામનગર, તા. ૨૭

ગાયત્રી પ્રજ્ઞા મંદિર દામનગરમાં તા. ૨૮/૨/૨૦૨૪ને બુધવારના સવારના ૯:૩૦ થી બપોરના ૧૨:૩૦ કલાક સુધી સીનીયર સીટીઝન ટ્રસ્ટ, શ્રી ગાયત્રી મંદિર અને ભુરખીયા હનુમાનજી મંદિરનાં સંયુકત ઉપક્રમે યોજનાર વિનામૂલ્યે નેત્રયજ્ઞ–નેત્રમણી કેમ્પમાં રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ (આંખની હોસ્પિટલ) નાં ડોકટર સહિતની ટીમ દર્દીઓની આંખ તપાસી જરૂરિયાત વાળા મોતિયાના દર્દીઓને અતિ આધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. કેમ્પમાં આવતા દર્દીઓએ આધારકાર્ડ ફરજીયાત સાથે લાવવાનું રહેશે. એમ આયોજકો દ્વારા જણાવી લાભ લેવા અનુરોધ કરાયો છે.

### વર્ષો જુના પ્રશ્નનો હલ આવતા ખૂશીનો માહોલ

# બાબરાનાં ઘુઘરાળા–ચમારડી નોન પ્લાન માર્ગનું ધારાસભ્યનાં હસ્તે ભૂમિપૂજન

**રૂપિયા ૯૭ લાખનાં ખર્ચે માર્ગ બનાવાશે**

અમરેલી, તા. ૨૭

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામથી ચામરડી–ગમા પીપળીયા રોડ સુધી આવેલા કાચા માર્ગમાં પાકો ડામર રોડ બનાવવામાં આવનાર છે જેનો ખાતમુહુર્ત કાર્યક્રમ વિધિવત રીતે લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

માર્ગ અને મકાન વિભાગની રૂપિયા ૯૭ લાખના અનુદાનની રકમમાંથી ઘુઘરાળાથી ચમારડી ગમા પીપળીયા રોડ વચ્ચે આવેલા કાચા માર્ગમાં પાછો ડામર રોડ બનાવવામાં આવશે. અંદાજે ૨૨૦૦ મીટરની લંબાઈવાળા પાકા ડામર રોડની કામગીરી ટૂંક જ સમયમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે.




વલારડી ગામે ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, આ બંને ગામો વચ્ચે વર્ષોથી કાચો માર્ગ હતો અને હવે નવો ડામર રોડ બનાવવાની કામગીરી શરૂ થશે એટલે ગ્રામજનોના વર્ષો જુના માર્ગમાં પાકો ડામર રોડ બનાવવાનું સ્વપ્ન સાકાર થશે અને વાહન ચાલકોને પણ મુશકેલી નહી પડે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઝડપી કામગીરી કરી ખૂબ જ ઓછા સમયમાં આ રોડનું કામ પૂર્ણ કરવામાં આવશે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર

હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪












### સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને આરબીઆઈ તરફથી મોટો ઝટકો

# નિયમનકારી ધોરણોના ઉલ્લંઘન બદલ દેશની ત્રણ બેંકોને દંડ

## એસબીઆઈને બે કરોડ રુપિયા, કેનેરા બેંક પર ૩૨.૩૦ લાખ રૂપિયાનો અને સિટી યુનિયન બેંક પર ૬૬ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો

નવી દિલ્હી, તા.૨૭

સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાને આરબીઆઈતરફથી મોટો ઝટકો લાગ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) પર ૨ કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો છે. રિઝર્વ બેંકે કેનેરા બેંક અને સિટી યુનિયન બેંક પર પણ દંડ લગાવ્યો છે. કેનેરા બેંક પર ૩૨.૩૦ લાખ રૂપિયાનો અને સિટી યુનિયન બેંક પર ૬૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે સોમવારે જાહેર કરેલા સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે આ બેંકો પરના નિયમનકારી ધોરણોના ઉલ્લંઘનને કારણે આ ત્રણે બેંક સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે નિયમનકારી અનુપાલનમાં ખામીઓ માટે દંડ લાદવામાં આવ્યો છે. તેને બેંક અને ગ્રાહકો વચ્ચેના વ્યવહાર અથવા કરાર સાથે કોઈ લેવાદેવા નથી, તેથી આરબીઆઈની આ કાર્યવાહીની ગ્રાહકો પર કોઈ અસર નહીં થાય.આરબીઆઈએ જણાવ્યું છે કે એસબીઆઈપર ડિપોઝિટર એજ્યુકેશન અવેરનેસ ફંડ સ્કીમ, ૨૦૧૪ સંબંધિત કેટલાક નિયમોના ઉલ્લંઘન બદલ રૂ. ૨ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે. આરબીઆઈએ કેટલીક સૂચનાઓનું પાલન ન કરવા બદલ કેનેરા બેંક પર ૩૨.૩૦ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે તો સિટી યુનિયન બેંક લિમિટેડ પર આવકની ઓળખ, સંપત્તિ વર્ગીકરણ અને લોન સંબંધિત જોગવાઈઓ, નોન-પરફોર્મિંગ લોન (એનપીએ) અને ગ્રાહક સંભાળ સંબંધિત જોગવાઈઓ સંબંધિત આરબીઆઈની કેટલીક સૂચનાઓનું પાલન ન કરવા બદલ રૂ. ૬૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે

### નેતાને સપાએ લોકસભાના ઉમેદવાર બનાવ્યા હતા

# દેશના સૌથી વૃદ્ધ નેતા શફીકુર રહેમાન બર્કનું ૯૩ વર્ષની વયે નિધન

## શફીકુર રહેમાન બર્ક ચાર વખત ધારાસભ્ય અને પાંચ વખત સાંસદ હતા

નવી દિલ્હી, તા.૨૭

દેશના સૌથી વૃદ્ધ અને સમાજવાદી પાર્ટીના સાંસદ શફીકુર રહેમાન બર્કનું ૯૩ વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની વધુ તબિયત બગડવાને કારણે મુરાદાબાદની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. બર્કના નિધનથી સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.દેશમાં આ વર્ષે સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે ચૂંટણી પહેલા જ સપા અને અખિલેશ યાદવને મોટો ઝટકો લાગ્યો છે. નોંધનીય છે કે શફીકુર રહેમાન બર્કને લોકસભાની ચૂંટણી ૨૦૨૪ માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. શફીકુર રહેમાન બર્ક ચાર વખત ધારાસભ્ય અને પાંચ વખત સાંસદ રહી ચુક્યા છે. તેઓ પ્રથમવાર ૧૯૯૬માં સપાની ટિકિટ પરથી લોકસભાની ચૂંટણી લડીને સાંસદ બન્યા હતા. આ ઉપરાંત ૨૦૧૯માં પણ ચૂંટણી જીતીને સાંસદ બન્યા હતા.

### વડાપ્રધાને ગગનયાન મિશન માટેના અવકાશયાત્રીઓના નામ જાહેર કર્યા

# અવકાશયાત્રીઓ માણસો નથી, આ ૧૪૦ કરોડ આકાંક્ષાઓને અવકાશમાં લઈ જવા વાળી શક્તિ છેઃમોદી

## પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અંગદ પ્રતાપ, અજીત કૃષ્ણન અને શુભાંશુ શુક્લાને અવકાશમાં ભારતના પ્રથમ સમાનવ મિશન પર અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યો

તિરુવનંતપુરમ, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેરળના તિરુવનંતપુરમ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (વીએસએસસી) ની મુલાકાત લીધી. તેમણે ગગનયાન મિશન માટેના અવકાશયાત્રીઓના નામ જાહેર કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન, રાજ્ય પ્રધાન મુરલીધરન અને ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથ પણ હાજર હતા.

પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અંગદ પ્રતાપ, અજીત કૃષ્ણન અને શુભાંશુ શુક્લાને અવકાશમાં ભારતના પ્રથમ સમાનવ મિશન પર અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ બધા ભારતીય વાયુસેના (આએએફ) માં વિંગ કમાન્ડર અથવા ગ્રૂપ કેપ્ટન છે. તેઓ ટેસ્ટ પાઈલટ તરીકે કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. આ ચાર અવકાશયાત્રીઓ બેંગલુરુમાં ઈસરોની અવકાશયાત્રી તાલીમ સુવિધામાં તાલીમ લઈ રહ્યા છે. અવકાશયાત્રીઓની પસંદગી આઈએએફના ઈન્સ્ટિટ્યૂટ ઓફ એરોસ્પેસ મેડિસિન ખાતે થઈ હતી. ઈસરોએને ગ્લેવકોસમોસ (રશિયન સ્પેસ એજન્સી રોસકોસમોસની પેટાકંપની) એ જૂન ૨૦૧૯ માં ચાર અવકાશયાત્રીઓની તાલીમ માટે સમજૂતીના મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા હતા.

ચાર અવકાશયાત્રીઓએ ફેબ્રુઆરી ૨૦૨૦ માં રશિયાના યુરી ગાગરીન કોસ્મોનૉટ ટ્રેનિંગ સેન્ટરમાં માર્ચ ૨૦૨૧ સુધી તાલીમ લીધી હતી. અમેરિકન સ્પેસ એજન્સી નાસાપણ ૨૦૨૪ના અંત સુધીમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના મિશન માટે ભારતીય અવકાશયાત્રીને તાલીમ આપશે.

વડા પ્રધાન મોદી અહીં અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ત્રણ મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટા ખાતે પીએસએલવીએકીકરણ સુવિધા, મહેન્દ્રગિરી ખાતે ઈસરોપ્રોપલ્શન કોમ્પ્લેક્સમાં નવી 'સેમી-ક્રાયોજેનિક્સ ઈન્ટિગ્રેટેડ એન્જિન અને સ્ટેજ ટેસ્ટ ફેસિલિટી' અને વીએસએસસીતિરુવનંતપુરમ ખાતે 'ટ્રિસોનિક વિન્ડ ટનલ'નું ઉદ્‌ઘાટન કરશે. આ માટે લગભગ ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

વડા પ્રધાને કહ્યું કે, 'આજે આપણે બધા એક ઐતિહાસિક યાત્રાના સાક્ષી છીએ. થોડા સમય પહેલા દેશ તેના ચાર ગગનયાન યાત્રીઓ સાથે પ્રથમ વખત પરિચિત થયો. આ માત્ર ચાર નામ અને ચાર માણસો નથી, આ ૧૪૦ કરોડ આકાંક્ષાઓને અવકાશમાં લઈ જવા વાળી શક્તિ છે. ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય અવકાશમાં જશે, પણ આ વખતે સમય આપણો છે, ગણતરી પણ આપણી છે અને રોકેટ પણ આપણું છે.'તેમણે વધુમાં કહ્યું, 'મને એ જાણીને ખૂબ જ આનંદ થયો કે ગગનયાનમાં ઉપયોગમાં લેવાતા મોટાભાગના ઉપકરણો 'મેડ ઈન ઈન્ડિયા' છે. આ કેટલો મોટો સંયોગ છે કે જ્યારે ભારત વિશ્વની ટોચની ત્રીજી અર્થવ્યવસ્થા બનવા માટે ટેકઓફ કરી રહ્યું છે, તે જ સમયે ભારતનું ગગનયાન પણ આપણા અવકાશ ક્ષેત્રને એક નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યું છે.'

### મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યુ

# ગુજરાતમાં ગરમી અને પવન વધશે : હવામાન વિભાગ

## આગામી પાંચ દિવસની આગાહીમાં જણાવ્યુ છે કે, ધીરે ધીરે તાપમાનનો પારો ઉપર જશે આ સાથે પવનનું જોર પણ રહી શકે છે

અમદાવાદ, તા.૨૭

હાલ ગુજરાતનું વાતાવરણ સ્થિર નથી સોમવારે અનેક વિસ્તારોમાં સૂસવાટાભેર પવન સાથે વાદળછાયું વાતાવરણ હતુ તો આજે પવનનું જોર ઓછું થયુ છે. ગુજરાતના આવા વારંવાર બદલાતા વાતાવરણમાં હવામાન વિભાગે આગામી દિવસોમાં કેવું વાતાવરણ રહેશે તે અંગેની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસની આગાહીમાં જણાવ્યુ છે કે, ધીરે ધીરે તાપમાનનો પારો ઉપર જશે આ સાથે પવનનું જોર પણ રહી શકે છે. સોમવારે હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, અભિમન્યુ ચૌહાણે આગાહીમાં જણાવ્યુ કતુ કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે. રાજ્યમાં હાલ વરસાદની કોઇ સંભાવના નથી. આ સાથે તેમણે લઘુત્તમ તાપમાન અંગે જણાવ્યુ હતુ કે, આગામી પાંચ દિવસ તાપમાનમાં કોઇ મોટો ફેરફાર નહીં થાય. પરંતુ રાઈઝિંગ ટેન્ડન્સીની સાથે લઘુત્તમ તાપમાન ઊંચુ જશે. લઘુત્તમ તાપમાન એકથી બે ડિગ્રી ઊંચુ નોંધાઇ શકે છે. અભિમન્યુ ચૌહાણે વધુમાં જણાવ્યુ કે, સોમવારે લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં ૧૮.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૮ ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ છે. આ સાથે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન દીવમાં ૧૩.૪ ડિગ્રી નોંધાયુ હતુ. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, રાજ્યના દરિયાકાંઠે ઉત્તર પૂર્વ દિશામાં ફૂંકાશે. આ હવાની ગતિ ૪૦થી ૪૫ પ્રતિકલાકની અને મહત્તમ વધીને ૬૫ પ્રતિકલાક થઇ શકે છે. જમીનની વાત કરીએ તો હવા ઉત્તર પૂર્વ દિશામાં ફૂંકાઇ રહી છે. જેની સ્પીડ ૧૦થી ૨૦ કિમી પ્રતિકલાક રહેવાની શક્યતા છે. મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે વધુમાં જણાવ્યુ છે કે, આખા ગુજરાતમાં જે વાદળો છે તેનાથી વરસાદ આવવાની સંભાવના નથી. રાજ્ય પર એક પ્રેશર ગ્રેડિઅન્ટ બનેલું છે તેનાથી તેજ હવાનો અનુભવ થશે. દેશની વાત કરીએ તો ભારતીય હવામાન વિભાગના અનુસાર, દક્ષિણ મધ્ય પ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ, ઓડિસા અને વિદર્ભમાં ૨૬ અને ૨૭ તારીખે, ઝારખંડ અને ગંગીય પશ્ચિમ બંગાળમાં ૨૭ ફેબ્રુઆરીએ એટલે આજે વાવાઝોડું, વીજળી અને ઝડપી પવનોની સાથે છૂટોછવાયો, હળવો કે મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણ મધ્ય પ્રદેશમાં ૨૭ ફેબ્રુઆરીએ દક્ષિણ છત્તીસગઢમાં અલગ અલગ જગ્યાઓ પર કરા પડવાની આગાહી છે. પશ્ચિમ હિમાલય વિસ્તાર અને આસપાસના મેદાની વિસ્તારોમાં હળવા વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તરાખંડમાં એક માર્ચે અલગ-અલગ સ્થાનો પર કરાની સંભાવના છે. મધ્ય ભારતમાં ૨૭ ફેબ્રુઆરીએ વાવાઝોડું, કરા અને વીજળી પડવાની સાથે વરસાદની ગતિવિધિઓની સંભાવના છે.

### દેશ અને દુનિયાના હજારો ઉમાભક્તો જોડાશે

# વિશ્વ ઉમિયાધામના ચતુર્થ પાટોત્સવની અમેરિકા સહિત ૫ દેશમાં થશે ઉજવણી

## ઉમિયાધામના ચતુર્થ પાટોત્સવની અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને યુનાઈટેડ કિંગડમમાં માતાજીનો પાટોત્સવની ઉજવણી કરાશે

અમદાવાદ, તા.૨૭

વિશ્વ ઉમિયાધામ-જાસપુર, અમદાવાદમાં જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહેલ છે. આ સાથે સાથે આસ્થા, ઉર્જા અને એકતાના કેન્દ્રસમા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અવનવા સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગોનું આયોજન પણ કરવામાં આવી રહેલ છે. તે અંતર્ગત વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે કરોડો પાટીદારોના કુળદેવી જગત જનની મા ઉમિયાના સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ"ની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. અમદાવાદના જાસપુર ખાતે ૨૮ અને ૨૯ ફેબ્રુઆરીના રોજ ચતુર્થ પાટોત્સવનું આયોજન કરાશે. જેમાં બે દિવસમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિતે નવચંડી યજ્ઞ, અન્નકૂટ તથા ધ્વજારોહણ જેવા ધાર્મિક પ્રસંગોનું આયોજન કરાયું છે. વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ પ્રસંગની વાત કરતા સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખ આર.પી પટેલ જણાવે છે કે, જગત જનની મા ઉમિયાનો ચતુર્થ પાટોત્સવ ન માત્ર જાસપુર પરંતુ વિશ્વના ૫ દેશોમાં ઉજવાશે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને યુનાઈટેડ કિંગડમમાં માતાજીનો પાટોત્સવની ઉજવણી કરાશે. સાથો સાથ ગુજરાતના વિવિધ ૩૩ જિલ્લાઓમાં પણ પાટોત્સવની ઉજવણી કરાશે. જેમાં દેશ અને દુનિયાના હજારો ઉમાભક્તો જોડાશે. મહત્વનું છે કે વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિતે અંગદાનના સંકલ્પ લેવડાવામાં આવશે. આ ઉપરાંત સમાજની પ્રવૃતિમાં જોડાયેલા સમયદાતાઓનું પણ સન્માન કરવામાં આવશે. સાથો સાથ ૨૮ ફેબ્રુઆરીએ વિશ્વઉમિયાધામ ખાતે બિઝનેસ કોક્લેવનું આયોજન કરાયું છે.

### ઈઝરાયેલ ગાઝા પર સતત હુમલો કરી રહ્યું છે

# ઈઝરાયેલ-હમાસ યુધ્ધ ટૂંકમાં બંધ થવાની બાઈડેનને આશા

## આગામી સોમવાર સુધીમાં યુધ્ધવિરામના આશા, જોકે આના માટે અંતિમ મંજૂરી મળવાની બાકી

વોશિંગ્ટને, તા.૨૭

૭ ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયલ સતત ગાઝા પર હુમલો કરી રહ્યું છે, છેલ્લા પાંચ મહિનામાં ગાઝામાં ૩૦ હજારથી વધુ પેલેસ્ટીનિયન નાગરીકોના મોત નીપજ્યા છે, મૃતકોમાં મોટાભાગે બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ઈઝરાયલની ઘેરાબંધીને કારણે ગાઝામાં ભયંકર માનવ સંકટની પરિસ્થિતિ પેદા થઈ છે. એવામાં અમરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને મહત્વની જાહેરાત કરી હતી. જો બાઈડેને આશા વ્યક્ત કરી છે કે આગામી સોમવાર સુધીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ થઈ જશે. તેમણે સ્વીકાર્યું કે બંને પક્ષો યુદ્ધવિરામ કરારની નજીક છે.

ગાઝામાં યુદ્ધવિરામના પ્રશ્ન પર જો બિડેને કહ્યું, 'મારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે મને કહ્યું છે કે અમે યુદ્ધવિરામની સમજુતીની નજીક છીએ અને આશા છે કે આવતા સોમવાર સુધીમાં યુદ્ધવિરામ થઈ જશે.' તેણે એમ પણ કહ્યું કે આ અંગે અંતિમ મંજૂરી મળવાની બાકી છે.

નોંધનીય છે કે, આના એક દિવસ પહેલા વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને કહ્યું હતું કે, 'ઈઝરાયેલ, અમેરિકા, ઈજિપ્ત અને કતારના પ્રતિનિધિઓ પેરિસમાં મળ્યા હતા. આ દરમિયાન, હમાસ દ્વારા અસ્થાયી યુદ્ધવિરામના બદલામાં બંધકોને મુક્ત કરવા પર ચારેય પક્ષો વચ્ચે સમજૂતી થઈ છે.'

અહેવાલ મુજબ, હમાસ અને ઈઝરાયલ એકબીજા સાથે સીધી વાત કરતા નથી, કતાર અને ઈજિપ્ત બંને વચ્ચે મધ્યસ્થી કરી રહ્યા છે. હમાસના નેતાઓને રવિવારે સાંજે પેરિસમાં યોજાયેલી મંત્રણા અંગે જાણકારી આપવામાં આવી હતી.

### ખેડામાં ફરી એકવાર અનાજ કૌભાંડ

# ભાજપ કાઉન્સિલરની ધરપકડ કરવામાં આવી

## નડિયાદના અમદાવાદી બજાર બહાર આવેલી સસ્તા અનાજની દુકાન પર પુરવઠા વિભાગની વિજલન્સ ટીમે દરોડો પાડ્યો હતો

ખેડા, તા.૨૭

ખેડાના નડિયાદમાં ગરીબોના અનાજને સગેવગે કરવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. નડિયાદના અમદાવાદી બજાર બહાર આવેલી સસ્તા અનાજની દુકાન પર પુરવઠા વિભાગની વિજલન્સ ટીમે દરોડો પાડ્યો હતો. મોટાપાયે ગેરરિતિ થતી હોવાની માહિતીના આધારે પાડવામાં આવેલા દરોડામાં નગરપાલિકાના ભાજપના કાઉન્સિલરની સસ્તા અનાજની દુકાનમાંથી ગેરરિતિ ઝડપાઈ હતી. જેને લઈ શહેર મામલતદાર દ્વારા સસ્તા અનાજની દુકાનના સંચાલક સંજયભાઈ સચદેવ અને કોમ્પ્યુટર ઓપરેટર રાજવીર છાસટીયા વિરૂદ્ધ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ભાજપના કૌભાંડી કાઉન્સિલર સંજય સચદેવને ભાજપના તમામ હોદ્દા પરથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સસ્તા અનાજની દુકાન ચલાવતા સંચાલક સંજયભાઈ સચદેવ નડિયાદ નગરપાલિકાના વોર્ડ નં ૩ના ભાજપના કાઉન્સીલર અને નડિયાદ શહેર સસ્તા અનાજ એસોસિએશનના પ્રમુખ પણ છે. ગરીબોનું અનાજ સગેવગે કરવાનો પર્દાફાશ થતા ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજય બ્રહ્મભટ્ટે સંજય સચદેવને ભાજપના તમામ હોદ્દા પરથી દૂર કરી દીધા હતા. પોલીસે સંજય સચદેવ અને ઓપરેટર રાજવીર છાસટીયાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન દુકાનમાંથી બોગસ ફિંગર પ્રિન્ટ મશીન અને અન્ય એક સોફ્ટવેર મળી આવ્યું હતું. જેના થકી સસ્તા અનાજના કાળો કારોબાર ચલાવાતો હતો. સ્ટેટ પુરવઠા વિભાગના દરોડામાં ડમી ફિંગરપ્રિન્ટના આધારે કૌભાંડ આચરવામાં આવતું હોવાની વિગતો બહાર આવવા પામી છે. દુકાનમાંથી મળી આવેલ લેપટોપમાં તેમજ પેનડ્રાઇવમાં તપાસ કરતા શકાસ્પદ અંદાજિત ૩૧૬ ફિંગર પ્રિન્ટ ઈમેજીસ તથા માય ડેટા નામની મોબાઇલ એપ્લિકેશનના સ્ક્રીનશોટની અંદાજીત ૨૧૭૧ ફિંગર પ્રિન્ટ ઈમેજી મળી એમ કુલ અંદાજીત ૨૪૮૭ ફિંગર પ્રિન્ટ તસવીરો મળી આવી હતી. તેમજ દુકાનમાથી વધારાના ૨૩ રેશનકાર્ડ, ૧ ચૂંટણીકાર્ડ,૪ આધારકાર્ડ, ૧ લેપટોપ, ૩ મોબાઈલ, મંત્રા ડિવાઈસ અને પેનડ્રાઈવ મળી આવ્યા હતા. તમામ શંકાસ્પદ સામગ્રી કબજે લઈ તેની સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. આ બાબતે ડીવાયએસપી બી.આર. બાજપેયીએ જણાવ્યુ હતું કે શહેર મામલતદાર શરદકુમાર બાંભરોલીયાની ફરિયાદ મુજબ સંજય રમેશચંદ્ર સચદેવની સસ્તા અનાજની દુકાનમાં તપાસ કરવામાં આવી હતી. દુકાનના સંચાલક સંજય રમેશચંદ્ર સચદેવ અને કોમ્પ્યુટર ઓપરેટર રાજવીરસિંહ પ્રવિણસિંહ છાસટિયા વિરૂદ્ધ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ તમામ બાબતમાં સવાલો એ ઉભા થાય છે કે ગરીબોનું અનાજ સગેવગે કરનાર અને ભાજપમાં હોદ્દો ધરાવતો સંજય કોની રહેમ નજર હેઠળ અને કેટલા સમયથી સસ્તા અનાજનો કાળો કારોબાર કરતો હતો.

### બન્ને મંત્રીઓ હજુ સુધી ચૂંટણી લડ્યા નથી

# સિતારમણ અને જયશંકરને લોકસભાની ચૂંટણીમાં ઊતારવા ભાજપની યોજના

## સીતારમણ હાલ કર્ણાટકથી જ રાજ્યસભાના સભ્ય છે, એસ. જયશંકર ગુજરાતથી રાજ્યસભામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશ મંત્રી એસ. જયશંકરને લઈને ભાજપે મોટી જાહેરાત કરી છે. ભાજપે બંને કેન્દ્રીય મંત્રીઓને આ વખતે લોકસભા ચૂંટણીમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. જો કે એ નથી જણાવ્યું કે તેઓ કઈ બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવશે. જણાવી દઈએ કે, મોદી સરકારમાં નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર બંને કેબિનેટમાં મહત્ત્વના વિભાગ સંભાળી રહ્યા છે. હાલ તે બંને રાજ્યસભાના સભ્ય છે અને બંને હજુ સુધી ચૂંટણી નથી લડ્યા. કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીએ ભાજપ તરફથી જાહેરાત કરી હતી કે, 'પક્ષ આ વખતે બંનેને ચૂંટણીમાં ઉતારવાની યોજના ઘડીરહી છે.' જણાવી દઈએ કે, પ્રહ્લાદ જોશી પણ કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રી છે. કદાચ નિર્મલા સીતારમણને કર્ણાટકની કોઈ બેઠકથી ઉતારવામાં આવી શકે છે. પીટીઆઈના અહેવાલ પ્રમાણે, પ્રહ્લાદ જોશીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું કે, 'એ લગભગ નક્કી થઈ ચૂક્યું છે કે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર આગામી લોકસભા ચૂંટણી લડશે. જો કે, હજુ એ નક્કી નથી થયું કે તેઓ ક્યાંથી ચૂંટણી લડશે. પછી તે કર્ણાટકમાં હોય કે અન્ય રાજ્યમાં.'ઉલ્લેખનીય છે કે, નિર્મલા સીતારમણ હાલ કર્ણાટકથી જ રાજ્યસભાના સભ્ય છે. તો એસ. જયશંકર ગુજરાતથી રાજ્યસભામાં આવ્યા હતા. સીતારમણે ૨૦૦૮માં ભાજપ જોઈન કર્યું હતું અને ૨૦૧૪ સુધી તેઓ પ્રવક્તા રહ્યા. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ તેમને જુનિયર મંત્રી બનાવાયા. ત્યારબાદ તેમને આંધ્રપ્રદેશથી રાજ્યસભામાં મોકલાયા. વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯ સુધી તેઓ સંરક્ષણ મંત્રી રહ્યાં હતા. આ દરમિયાન અરૂણ જેટલીના નિધન બાદ તેમને નાણા મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી. ત્યારે વાત કરીએ એસ. જયશંકરની તો તેઓ એક રાજદૂત રહી ચૂક્યા છે. ૨૦૧૫માં તેઓ વિદેશ સચિવ પદ પર હતા. ત્યારે ૨૦૧૯માં મોદી સરકારામાં સામેલ કરી લેવાયા. ત્યારબાદ તેમને ગુજરાતથી રાજ્યસભામાં મોકલાયા. હાલ એસ. જયશંકર દેશમાં જ નહીં પરંતુ દુનિયામાં પણ ભારતીયો વચ્ચે લોકપ્રિય છે.

### મેળા દરમિયાન ગિર સફારી પાર્ક રહેશે બંધ

# જુનાગઢમાં ૫મી માર્ચથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

## ૫ માર્ચથી ૮ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવતા ભાવિકોને કોઈજાતની અગવડ ન પડે મેળાની પારંપારિક રીતે યોજાતી વિધિ સરળતાથી થાય તે માટે સાધુ સંતોની બેઠક યોજાઈ

જુનાગઢ, તા.૨૭

જુનાગઢમાં ૫મી માર્ચથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહા વદ નોમથી તેરસ સુધી આ મેળાનુ આયોજન કરવામાં આવે છે. મેળાના આયોજનને લઈને વિવિધ અખાડાઓના સાધુસંતોની બેઠક મળી હતી. જેમા મેળાના વ્યવસ્થાપનને લઈને ચર્ચા કરાઈ હતી. લાખો ભાવિકોની આસ્થા, આગમન તેમજ ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ ગણાતા મહાશિવરાત્રીના મેળાનો ૫મી માર્ચથી પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહાવદ નોમથી તેરસ દરમિયાન એમ ચાર દિવસ સુધી આ મેળો યોજાય છે. ૫ માર્ચથી ૮ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવતા ભાવિકોને કોઈજાતની અગવડ ન પડે મેળાની પારંપારિક રીતે યોજાતી વિધિ સરળતાથી થાય તે માટે સાધુ સંતોની બેઠક યોજાઈ હતી. ભવનાથ તળેટીમાં પંચ દશનામ જુના અખાડામાં યોજાયેલી બેઠકમાં અગ્નિ અખાડા, આહ્વાન અખાડા અને જુના અખાડાના હોદ્દેદારો સહિતના જોડાયા હતા. સંતોએ મેળામાં આવનારા ભાવિકોને હાઈકોર્ટના આદેશને અનુસરી પ્લાસ્ટિકને ઉપયોગ ન કરવા ખાસ અપીલ કરી છે.

આ બેઠક બાદ ભવનાથના મહંત રૂદ્રેશ્વર જાગીર ભારતીએ જણાવ્યુ હતુ કે તંત્ર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે અને જો કંઈ ઘટ હશે તો આ બાબતે તંત્ર સાથે ચર્ચા કરવામાં આવશે. મુચ્કુંદ ગુફા ભવનાથના મહંત મહેન્દ્રનંદ ગીરીએ જણાવ્યુ હતુ આ મેળા દરમિયાન સંતો તરફથી કોઈ અસુવિધા કે અવ્યવસ્થા ન સર્જાય તેની પુરતી તકેદારી રાખવામાં આવશે. તેમજ અખાડાની, ગુરુમૂર્તિ અને સનાતનની પરંપરામાં ક્યાંય કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

ભવનાથમાં દર વર્ષે યોજાતા મહાશિવરાત્રીના મેળાને લઈને તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચાર દિવસ સુધી ચાલતા આ પ્રસિદ્ધ મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો આવતા હોવાથી એસટી નિગમ દ્વારા ખાસ વધારાની બસોની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.. મેળો શરૂ થવાના બે દિવસ અગાઉથી જ ભવનાથ તળેટીમાં સાધુ સંતોનું આગમન શરૂ થઈ જાય છે. ભવનાથ મહાદેવના મંદિરમાં ધજારોહણ સાથે મેળાનો વિધિવત પ્રારંભ થાય છે.

ત્યારબાદ ત્રણ અખાડામાં ધ્વજારોહણ થાય છે. ભવનાથમાં પરંપરાગત રવેડી બાદ સાધુ-સંતો વહેલી સવારે મૃગીકુંડમાં સ્નાન કરે છે અને આ સ્નાન બાદ મેળો સંપન્ન થાય છે. મહાશિવરાત્રીના કારણે સોમનાથ મંદિર સહિત સમગ્ર સોરઠમાં લોકો ભગવાન શિવની ભક્તિમાં લીન થાય છે અને જય ગિરનારી, બમ બમ ભોલે અને હરહર મહાદેવના નારા સાથે સમગ્ર વાતાવરણ શિવમય બની જાય છે.

મહાશિવરાત્રીના મેળા દરમિયાન વન વિભાગનો સ્ટાફ પણ મેળામાં વ્યસ્ત રહેતા હોવાથી પાંચ દિવસ સુધી ગીર નેચર સફારી પાર્ક બંધ રાખવામાં આવે છે.

# સપાના ધારાસભ્યએ ચીફ વ્હીપપદેથી રાજીનામું આપી દીધું

નવી દિલ્હી, તા.૨૭

રાજ્યસભાની ચૂંટણી વચ્ચે સમાજવાદી પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ધારાસભ્ય મનોજ પાંડેએ ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને મોકલી આપ્યું છે.

ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ૧૦ બેઠકો માટે ચાલી રહેલા મતદાન વચ્ચે, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના નજીકના નેતા મનોજ પાંડેએ વ્હીપ પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે મનોજ ભારતીય જનતા પાર્ટીને વોટ આપી શકે છે. સપા નેતા અખિલેશ યાદવને લખેલા પત્રમાં મનોજ પાંડેએ કહ્યું હતું કે- 'હું ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી રહ્યો છું કૃપા મારા રાજીનામાનો સ્વીકાર કરશો.'

### સરકાર ૯ કરોડથી વધુ ખેડૂત પરિવારોના ખાતામાં કુલ ૨૧ હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરશે

# આવતીકાલે PM કિસાન નિધિનો ૧૬મો હપ્તો જમા થશે

## પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, કેન્દ્ર સરકાર દર વર્ષે ગરીબ ખેડૂત પરિવારોના ખાતામાં ૬૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરે છે

નવી દિલ્હી, તા.૨૭

જો તમે PM કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થી છો, તો તમારા માટે સારા સમાચાર છે. જે ખેડૂતો લાંબા સમયથી ૧૬મા હપ્તાની રાહ જોઈ રહ્યા છે તેમને ટૂંક સમયમાં તેમના ખાતામાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા મળવાના છે. આવતીકાલે એટલે કે ૨૮મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી ૧૬મા હપ્તાના નાણાં સીધા લાભ દ્વારા દેશભરના કરોડો ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરશે. તેની માહિતી યોજનાની સત્તાવાર વેબસાઈટ પર પણ અપડેટ કરવામાં આવી છે. અમે તમને જણાવી રહ્યા છીએ કે કયા ખેડૂતોને આ યોજનાનો લાભ નહીં મળે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, કેન્દ્ર સરકાર દર વર્ષે ગરીબ ખેડૂત પરિવારોના ખાતામાં ૬૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરે છે. આ નાણાં દર વર્ષે કુલ ત્રણ હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. મોદી સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આ યોજના શરૂ કરી હતી. અત્યાર સુધી, આ યોજના હેઠળ, ખેડૂતોના ખાતામાં ૨૦૦૦ રૂપિયાના કુલ ૧૫ હપ્તા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આવતીકાલે એટલે કે ૨૮મી ફેબ્રુઆરીએ પીએમ મોદી યોજનાનો ૧૬મો હપ્તો જાહેર કરશે. આ યોજના હેઠળ સરકાર ૯ કરોડથી વધુ ખેડૂત પરિવારોના ખાતામાં કુલ ૨૧ હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરશે. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૧૬મા હપ્તાનો લાભ ફક્ત તે લાભાર્થીઓને જ મળશે જેમણે ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી છે. સરકારે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે યોજનાનો લાભ મેળવવા માટે ઈ-કેવાયસી કરવું જરૂરી છે. આવી સ્થિતિમાં જે ખેડૂતોએ આ પ્રક્રિયા પૂર્ણ કરી નથી તેમને આ યોજનાનો લાભ નહીં મળે.

### રાજ્યસભાની ચૂંટણીના પરિણામો જાહેર

# કર્ણાટકમાં કોંગ્રેસ ફાવી, ભાજપ-JDSના ફાળે માત્ર ૧-૧ બેઠક

## કર્ણાટકમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારો જીત્યા છે

નવી દિલ્લી, તા.૨૭

રાજ્યસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. કર્ણાટકમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારો જીત્યા છે. પાર્ટી તરફથી અજય માકન, નાસિર હુસૈન અને જીસી ચંદ્રશેખર જીત્યા છે.

રાજ્યસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. કર્ણાટકમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારો જીત્યા છે. કોંગ્રેસ પાર્ટી તરફથી અજય માકન, નાસિર હુસૈન અને જીસી ચંદ્રશેખર જીત્યા છે. જ્યારે એક બીજેપીના નારાયણ બંદીગે અને એક જેડીએસના કુપેન્દ્ર રેડ્ડીએ જીત મેળવી છે.

કોંગ્રેસ પાર્ટીએ તેના તમામ ધારાસભ્યોને ખાનગી રિસોર્ટમાં શિફ્ટ કરી દીધા હતા. કર્ણાટકમાંથી પાંચ ઉમેદવારો હતા, જેમાં કોંગ્રેસ તરફથી અજય માકન, સૈયદ નસીર હુસૈન અને જીસી ચંદ્રશેખર, ભાજપ તરફથી નારાયણ ભંડાગે અને જેડીએસ તરફથી કુપેન્દ્ર રેડ્ડી હતા.

રાજ્યસભાની ચૂંટણી દરમિયાન પણ ક્રોસ વોટિંગ કરવામાં આવ્યું છે. કર્ણાટકમાં બીજેપી ધારાસભ્ય એસટી સોમશેકરે ક્રોસ વોટિંગ કર્યું. જ્યારે શિવરામ હબ્બર મતદાનથી દૂર રહ્યા હતા. ચૂંટણીમાં ભાજપને ૪૮ વોટ મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને ૧૩૯ અને જેડીએસને ૩૫ વોટ મળ્યા હતા.

કર્ણાટકમાં અપક્ષ ધારાસભ્યો જનાર્દન રેડ્ડી, લથા મલ્લિકાર્જુન, પુટ્ટસ્વામી ગૌડા અને દર્શન પુટ્ટનૈયાએ કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યું

### આધુનિક સુવિધાથી સજ્જ મેડિકલ કોલેજ

# ગૃહ પ્રધાન અમિત શાહે સ્વામિનારાયણ મેડિકલ કોલેજનું લોકાપર્ણ કર્યુ

## કલોલમાં અદ્યતન મેડિકલ કોલેજ બનતા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને લાભ થશે હાલ કોલેજમાં ૨૦ અનુભવી ફેકલ્ટી ૧૫૦ વિદ્યાર્થીઓને ભણાવશે

કલોલ, તા.૨૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કલોલમાં અદ્યતન સ્વામિનારાયણ મેડિકલ કોલેજનું લોકાપર્ણ કર્યુ. આ પ્રસંગે તેમણે ભારતના વિકાસ, નવી શિક્ષણ નીતિ, મોદી સરકારની ત્રીજી ટર્મ તેમજ ભારત સરકારના આગામી વિઝન અંગેની પણ વાત કરી. તેમણે દેશના વિકાસની વાત કરતા કહ્યુ કે ૨૦૪૭ સુધીમાં વિદેશીઓએ ભારત આવવા વિઝા લેવા પડશે.આ પ્રસંગે અમિત શાહે જણાવ્યુ કે મોદી સરકારમાં મેડિકલ ક્ષેત્રે ક્રાંતિ થઈ છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દેશમાં મેડિકલ સુવિધા વધી છે. એઈમ્સની સંખ્યા વધીને ૨૩ થઈ ગઈ છે. મોદીના શાસનમાં ૩૭૬થી વધી ૭૦૬ મેડિકલ કોલેજ થઈ છે.સાથે જ અમિત શાહે જણાવ્યુ કે નવી શિક્ષણ નીતિના પગલે ગરીબો સુધી હવે શિક્ષણ પહોંચી રહ્યુ છે. લોકોમાં શિક્ષણનું સ્તર વધી રહ્યુ છે.આવનારા સમયમાં ભારત સરકારનું શું વિઝન રહેશે તે અંગે વાત કરતા અમિત શાહે કહ્યુ કે, ૨૦૪૭ સુધીમાં વિદેશઓએ ભારત આવવા વિઝા લેવા પડશે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ કલોલમાં સ્વામિનારાયણ મેડિકલ કોલેજનું લોકાપર્ણ કર્યુ છે. આધુનિક સુવિધાથી સજ્જ મેડિકલ કોલેજનું ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયું છે. આ મેડિકલ કોલેજનું ખાતમૂહુર્ત પણ અમિત શાહે જ કર્યું હતું.૩૦ વર્ષ પહેલાં સ્વામિનારાયણ વિશ્વમંગલ ગરુકુળની સ્થાપના થઈ હતી. જેના નેજા હેઠળ સ્કૂલ, બી.એડ કોલેજ, PTC કોલેજ, ફાર્મસી કોલેજ, આયુર્વેદિક અને હોમિયોપેથી કોલેજ અને લૉ કોલેજ હાલ કાર્યરત છે. સંસ્થાની હોસ્પિટલમાં પણ લોકો સારવાર અને સરકારી યોજનાઓનો લોકો લાભ લઈ રહ્યા છે. ત્યારે કલોલમાં અદ્યતન મેડિકલ કોલેજ બનતા આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને લાભ થશે. હાલ કોલેજમાં ૨૦ અનુભવી ફેકલ્ટી ૧૫૦ વિદ્યાર્થીઓને ભણાવશે. બેઠકો વધારીને ૫ વર્ષમાં ૬૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટેનું લક્ષ્ય છે.

### જ્ઞાનવાપીના ભોંયરામાં પૂજાની કોર્ટની મંજૂરી

# ૧૯૯૩માં જ્ઞાનવાપીમાં પૂજા પર રોકનો મુલાયમનો આદેશ ખોટો હતો : કોર્ટ

## મસ્જિદના દક્ષિણી ભોંયરામાં કોઈ પણ લેખિત આદેશ વિના પૂજા વિધિ રોકવા માટે કરવામાં આવેલી કાર્યવાહી ગેરકાયદેસર હોવાનો કોર્ટનો અભિપ્રાય

વારાણસી, તા.૨૭

અલ્હાબાદ હાઈકોર્ટે સોમવારે વારાણસીના જ્ઞાનવાપી મામલે મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે મસ્જિદ કમિટિ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતાં વ્યાસજીના ખંડ તરીકે ઓળખાતા જ્ઞાનવાપીના ભોંયરામાં પૂજા-અર્ચના ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો. આને હિંદુ પક્ષ માટે મોટી રાહત માનવામાં આવી રહી છે. એટલું જ નહીં હાઈકોર્ટે ૧૯૯૩માં તત્કાલિન મુલાયમ સિંહ યાદવના નેતૃત્વ વાળી સરકાર દ્વારા જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણી ભોંયરામાં પૂજા પર રોક લગાવાના નિર્ણયને ખોટો ગણાવ્યો છે.

વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૩૧ જાન્યુઆરીના રોજ જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસ ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપી હતી. આ નિર્ણયને મુસ્લિમ પક્ષે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની અરજી ફગાવી દીધી હતી. વારાણસી જિલ્લા ન્યાયાધીશના વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટને વ્યાસ જીના ભોંયરાના રીસીવર તરીકે નિયુક્ત કરવાના અને ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપવાના નિર્ણયને હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની ખંડપીઠે કહ્યું કે ૧૯૯૩માં તત્કાલીન રાજ્ય સરકાર દ્વારા વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણી ભોંયરામાં કોઈ પણ લેખિત આદેશ વિના પૂજા વિધિ રોકવા માટે કરવામાં આવેલી કાર્યવાહી ગેરકાયદેસર હતી.

વ્યાસ પરિવાર લાંબા સમયથી વ્યાસ ભોંયરામાં પૂજા કરી રહ્યો હતો. પરંતુ ૧૯૯૩માં મુલાયમ સિંહ યાદવની સરકારે પૂજા પર રોક લગાવી દીધી હતી. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે પોતાના ચુકાદામાં કહ્યું કે, ૧૯૯૩થી વ્યાસ પરિવારને ધાર્મિક પૂજા અને અનુષ્ઠાન કરવાથી રોકવાનું રાજ્ય સરકારનું પગલું ખોટું હતું. ભોંયરામાં થતી પૂજાને અટકાવવી એ શ્રદ્ધાળુઓના હિતની વિરુદ્ધ હશે. હવે મુસ્લિમ પક્ષે જ્ઞાનવાપી પર સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.

### આઈટી દરોડાથી હચમચી ગયા અન્ય મોટા માથા

# રાજકોટના બે મોટા ગ્રૂપ પર ઈન્કમટેક્સ ત્રાટક્યું

## ઓરબીટ બેરિંગ ગ્રુપ અને તેની સાથે સંકળાયેલા ૧૫ સ્થળોએ પાડ્યા દરોડા મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો સામે આવે તેવી શક્યતા

રાજકોટ , તા.૨૭

રાજકોટમાં આવકવેરા વિભાગનું મોટું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. ઓરબીટ બેરિંગ ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલા ૧૫ સ્થળોએ દરોડા પાડવામા આવ્યા છે. વહેલી સવારે આવકવેરા વિભાગના અધિકારીઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. જેમાં બેનામી વ્યવહારો મોટા પ્રમાણમાં સામે આવે તેવી શકયતા છે.

રાજકોટમાં રિયલ એસ્ટેટના બે મોટા ગ્રુપ ઉપર ઈક્મટેક્સના દરોડા પડ્યા છે. આજે સવરથી જ લાડાણી એસોસિયેટ્સ અને ઓરબીટ ગ્રુપ ઉપર ઈક્મટેક્સ ત્રાટક્યુ છે. રાજકોટના મોટા માથા ગણાતા દિલીપભાઈ લાડાણી અને વિનેશભાઈ પટેલ સહિત અનેક મોટા માથાઓને ત્યાં ઈક્મટેક્સની તવાઈ બોલાવાઈ છે. ઓરબીટ રોયલ ગાર્ડન સહિત અનેક પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર સાથે એમઓયુ કરનાર ગ્રુપ પણ ઝપેટમાં આવ્યું છે. રાજકોટ શહેરમાં કુલ ૨૮ જગ્યાએ દરોડા અને સર્વેની કાર્યવાહી ચાલી રહી છે. દિલીપભાઈ લાડાણી સાથે સંકળાયેલ અનેક વેપારી અને ઉદ્યોગપતિ પણ આઈટીની અડફેટે આવી ગયા છે.

તપાસના અંતે મોટાપાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવના છે.

નાનપુરાનો કુખ્યાત સાજુ કોઠારી હવે ઈડીના સાણસામાં આવ્યો. ઈડીના એડિશનલ ડિરેક્ટર ધર્મેન્દ્ર મીના દ્વારા સાજુનું સ્ટેટમેન્ટ લેવાની મંજૂરી માગતી અરજી કરાઈ હતી. જે કોર્ટે મંજૂર રાખતા હવે આગામી ૧લી અને ૨ માર્ચના રોજ ઈડી સાજુની પુછપરછ કરશે. ઈડીએ જાણવા માગે છે કે, ક્રાઈમ મારફત સાજુએ કેટલી માલ-મિલકત જમા કરાવી છે. હવાલાનો કોઈ મામલો છે કે કેમ અને બેનામી મિલકતો કેટલી છે. તપાસ માટે ઈડીએ છ ગુના પસંદ કર્યા ઈડીએ કુલ છ ગુનાના કેસમાં સાજુ સામે તપાસ શરૂ કરી છે.

જેમાં ક્રાઈમ બ્રાન્ચ, ઉમરા, પોલીસ હેડ ક્વાટર્સ, અઠવાલાઈન્સ પોલીસ મથકના બે ગુના અને રાંદેર પોલીસના એક ગુનાનો સમાવેશ થાય છે. સાજુ કોઠારીએ અશરફ કુરેશીના કેસમાં પણ કરોડોની ચિટિંગ કરી હોવાની આશંકને લઈ રૂપિયા બાબતે પણ ઈડીએ આડકતરી રીતે તપાસ આદરી છે.

### ડુંગળીના એક મણનાં ભાવ ૩૧૨ રૂપિયા રહ્યાં હતાં

# મહુવા માર્કેટ યાર્ડમાં ૯૨૭૮૨ કટ્ટા ડુંગળીની આવક થઈ

## ભાવનગર જિલ્લાનાં મહુવા યાર્ડમાં જુદી જુદી ૧૭ જણસીની આવક થઇ હતી, સૌથી વધારે ડુંગળીની આવક થઇ હતી

ભાવનગર, તા.૨૭

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૨૬ ફેબ્રુઆરીના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૯૨૭૮૨ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૧૩ રૂપિયાથી લઈને ૩૧૨ રૂપિયા સુધીના બોલાયા હતા. ૨૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૧,૨૫૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૩૫૦ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉંની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૩૯૪ થી લઈને ૬૭૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૩૪૨ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૬૭ રૂપિયા સુધીના નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૫૦૧ રૂપિયાથી લઈને ૨,૭૦૦ રુંપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૩૬ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૧,૧૦૦ રૂપિયાથી લઈને ૧,૨૯૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. યાર્ડમાં લીલા નારિયેળના ૧૫૮૦૦ નંગની આવક થઈ હતી. ૧૦૦ નંગના નીચા ભાવ ૪૨૨ રૂપિયા રહ્યા હતાં. ઊંચા ભાવ ૧,૪૯૯ રૂપિયા સુધી નોંધાયા હતા.

### આ વખતે મરચાં નહીં રડાવે?

# ગોંડલ માર્કેટિંગ યાર્ડ મરચાની આવકથી છલોછલ ભરાયું

## ગોંડલ માર્કેટિંગ યાર્ડ સતાધીશોએ મરચાની આવકનો પ્રારંભ કરતા એક દિવસમાં ૬૫, ૦૦૦ ભારી મરચાની આવક થઈ હતી

ગોંડલ, તા.૨૭

પંથકનું મરચું આમ તો દેશભરમાં પ્રખ્યાત છે. ત્યારે મરચાની મોસમ શરૂ થતાં જ ગુજરાતના નંબર વન ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડમાં મરચાની અઢળક આવક થઈ છે. જોકે ગોંડલનું મરચું આ વખતે ભાવમાં થોડું મોરૂ પડ્યું હોય તેમ લાગી રહ્યુ છે. ગોંડલીયુ મરચું આમ તો પોતાની તીખાસ માટે દેશભરમાં જાણીતું છે. ગયા વર્ષે પ્રતિમણ મરચાનો ભાવ ૧૮૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦ રૂપિયા સુધી હતો જે ભાવ આ વર્ષે મરચું પ્રતિમણ ૮૦૦ રૂપિયાથી લઈને ૩૭૦૦ સુધી વેચાઈ રહ્યું છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડ સતાધીશોએ મરચાની આવકનો પ્રારંભ કરતા એક દિવસમાં ૬૫,૦૦૦ ભારી મરચાની આવક થઈ હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડનો મરચાનો પટ પણ ભરચક ભરાઈ ગયો હતો. એક સમયે ગોંડલ માર્કેટિંગ યાર્ડ બહાર પણ મરચા વેચવા આવેલા ખેડૂતોના વાહનોની લાંબી કતારો લાગી હતી. આ વખતે મરચા સસ્તાં થાય તેવી શક્યતા છે. હાલ તો ગોંડલ માર્કેટિંગ યાર્ડએ મરચાની આવકથી છલોછલ ભરાયું છે.ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં જેતપુર, ધોરાજી, જામકંડોરણા, લોધીકા, કોટડા, સાંગાણી, પડધરી તેમજ રાજકોટ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાંથી ખેડૂતો મરચા વેચવા માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડ આવતા હોય છે. ગોંડલનું પ્રખ્યાત મરચું એ દેશના અલગ અલગ રાજ્યમાં જતું હોય છે. ખાસ કરીને દક્ષિણ રાજ્યમાં ગોંડલના મરચાની વિશેષ માંગ રહેતી હોય છે એટલા માટે બહારના રાજ્યના વેપારીઓ પણ ગોંડલના મરચાની ખરીદી કરવા ગોંડલ માર્કેટિંગ યાર્ડ સુધી આવતા હોય છે. આ વર્ષે ગોંડલ પંથકમાં મરચાની ભરપૂર ઉત્પાદન થયું છે. યોગ્ય વરસાદ અને યોગ્ય વાતાવરણના કારણે મરચાનો સારો પાક ઉત્પન્ન થયો છે. જેથી કરીને આ વર્ષે ભાવમાં થોડો ઘટાડો પણ નોંધાયો છે. જોકે હજુ મરચાની સિઝન બાકી છે આગામી સમયમાં મરચાના ભાવ કેવા રહેશે તે તો આવતા સમયમાં જ ખ્યાલ આવી શકશે.

### ખેડૂતોએ શ્રમદાન કરી ગાબડા પુરવાનો કર્યો પ્રયાસ

# નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા લાખો લિટર પાણીનો વેડફાટ

## કેનાલનું પાણી ખેતરમાં ઘુસતા ખેડૂતોના ઉભા પાક પર જોખમ તોળાઇ રહ્યું છે

છોટાઉદેપુર, તા.૨૭

છોટાઉદેપુરના બોડેલી તાલુકાના ઘેલપુર ગામે ખેડૂતોને હાલાકી. નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા એક તરફ લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ પાણીના વેડફાટને કારણે છેવાડા સુધી પાણી ન પહોંચતા ખેડૂતો પાણીથી વંચિત રહે છે.છોટાઉદેપુરના બોડેલી તાલુકાના ઘેલપુર ગામે ખેડૂતોને હાલાકી. નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા એક તરફ લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ પાણીના વેડફાટને કારણે છેવાડા સુધી પાણી ન પહોંચતા ખેડૂતો પાણીથી વંચિત રહે છે. કેનાલનું પાણી ખેતરમાં ઘુસતા ખેડૂતોના ઉભા પાક પર જોખમ તોળાઈ રહ્યું છે.માયનોર કેનાલ પરના અમુક દરવાજા ૫ વર્ષથી ઓપરેટ જ નથી થતા જેના કારણે બ્લોકેજ સર્જાય છે. વારંવાર તંત્રને રજૂઆત કરવા છતા સમસ્યાનો કોઈ નક્કર ઉકેલ નથી આવ્યો. અપના હાથ જગન્નાથ સૂત્રને સાકાર કરીને હવે ખેડૂતોએ જાતે જ શ્રમદાન કરી ગાબડાં ને પૂરવાનો પ્રયાસ કરી રહ્યા છે. રેતી-સિમેન્ટની બોરીઓ અને તાડપત્રી મુકીને ગાબડા પુરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### Amulની સત્તા જાળવવા શામળ પટેલને મોટી રાહત

# સાબરડેરીની ચૂંટણીમાં શામળ પટેલ બિનહરીફ જાહેર થયા

## શામળ પટેલને બાયડની બેઠક પરથી બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે આમ તેઓ સાબરડેરીના ડિરેક્ટર પદે ચૂંટાઇ આવ્યા છે

અમદાવાદ , તા.૨૭

અમૂલની સત્તા જાળવવા માટે GCMMF ના ચેરમેન શામળ પટેલને મોટી રાહત સર્જાઇ છે. સાબરડેરીની ચૂંટણી હાલમાં યોજાઈ રહી છે, આ દરમિયાન ફોર્મ ચકાસણીની પક્રિયા પૂર્ણ થતા બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાં અમૂલની સત્તા જાળવી રાખવા માટેનો પ્રથમ દાવ શામળ પટેલ માટે સફળ રહ્યો છે. શામળ પટેલ બિનહરીફ જાહેર થયા છે.

સાબરડેરીની સામાન્ય ચૂંટણીને લઈ સહકારી રાજકારણનો માહોલ ગરમ બન્યો છે. આ દરમિયાન સાબરડેરીના ચેરમેન શામળ પટેલ બિનહરીફ જાહેર થયા છે. શામળ પટેલની ઉમેદવારી સામે વાંધો રજૂ કરવામાં આવ્યો હતો. જેને લઈ તેમની ઉમેદવારી પર રાજ્યના સહકારી રાજકારણીઓની નજર ઠરી હતી. આ દરમિયાન હવે સોમવારે આખરી ઉમેદવાર યાદી પ્રસિદ્ધ થતા શામળ પટેલને મોટી રાહત સર્જાઈ હતી. જોકે હજુ તેઓએ બે કોઠા પાર કરવા જરુરી છે. શામળ પટેલને બાયડની બેઠક પરથી બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. આમ તેઓ સાબરડેરીના ડિરેક્ટર પદે ચૂંટાઈ આવ્યા છે. શામળ પટેલ માટે બાયડ-૧ બેઠક પરથી સાબરડેરીની ચૂંટણીમાં ઉમેદવાર બન્યા હતા.

ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન શામળ પટેલ માટે અમૂલની સત્તા ટકાવી રાખવા માટે સાબરડેરીની સત્તા જાળવી રાખવી સૌથી જરુરી છે. તેઓ સાબરડેરીની ચૂંટણીમાં ડિરેક્ટર પદે ચૂંટાઈ આવે એ જરુરી છે. આ દરમિયાન હવે શામળ પટેલ બિન હરીફ થવાને લઈ તેમને મોટી રાહત છે. સાબરડેરીની ચૂંટણીમાં તેમની સામે હરીફ ઉમેદવારે વાંધો રજૂ કર્યો હતો, જોકે તે ઉમેદવારની ઉમેદવારી રદ થઈ હતી. જોકે હવે શામળ પટેલ સામેનો વાંધાનો નિર્ણય થઈ જતા તેઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. સાબરડેરીમાં ૧૬ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. આ દરમિયાન ૨ ઝોનની બેઠકો બિનહરીફ થઈ છે. જયારે મેઘરજ બેઠક પરથી જયંતી ભીખાભાઈ પટેલ બિનહરીફ જાહેર થયા છે. આમ હવે ૧૪ બેઠકો માટે ૭૬ ઉમેદવારો મેદાને છે. જોકે ઉમેદવારી પત્ર ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે.અમૂલમાં સત્તાને ટકાવી રાખવા માટે શામળ પટેલે પ્રથમ અને મહત્વનો કોઠો ચૂંટણીમાં પાર પાડી દીધો છે. જોકે હવે આગળ વધુ બે કોઠા પાર કરવા જરુરી છે. જેમાં તેઓના સમર્થનમાં રહેનારા ડિરેક્ટરો ચૂંટણીમાં વિજયી થવા જરુરી છે, આમ તેઓના સમર્થક ડિરેક્ટરો વિજયી થતા તેઓ સાબરડેરીના ચેરમેન પદે ફરીથી ચૂંટાઈ આવવા જરુરી છે. આમ થવા બાદ તેઓ અમૂલની સત્તા જાળવી શકશે.

### ઉ. ગુજરાતમાં વાતાવરણને લઇ ખેડૂતો ચિંતામા

અરવલ્લી , તા.૨૭

ઉત્તર ગુજરાતમાં સતત બીજા દિવસે વાતાવરણ વાદળછાયુ સર્જાયુ છે. ઉત્તર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં વાદળ છાયા વાતાવરણને લઈ ખેડૂતોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ખેડૂતોને રવિ સિઝનનો પાક હાલમાં લણાઈ રહ્યો છે અને આ દરમિયાન વાતાવરણમાં પલટાની ભીતીએ ચિંતા વધારી દીધી છે.સાબરકાંઠા અને અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં વાતાવરણ વાદળછાયું છેલ્લા બે દિવસથી જોવા મળી રહ્યુ છે.

સોમવાર બાદ મંગળવારે પણ સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યુ છે. ખેડૂતો ફરી ચિંતામાં મુકાયા છે કે, વાતાવરણમાં પલટો આવતા જ પોતાની મહેનત પર પાણી ફરી વળશે. વાદળછાયા વાતાવરણને લઈ ખેડૂતોને પાકને લઈ ચિંતા વ્યાપી રહી છે.

શાકભાજીના ખેડૂતોમાં ખાસ કરીને કોબીજ અને ફ્લાવરની ખેતીમાં પણ આવા વાતાવરણને લઈ પાક બગડવાની ભીતી સેવાઈ રહી છે. મંગળવારે સવારથી જ સાબરકાંઠા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા છે. સોમવારે સાંજે પણ વાતાવરણ વાદળોથી ખૂબ ઘેરાયેલું રહ્યુ હતુ.

# સાવરકુંડલા ખાતે અકિલાનાં મોભી કિરિટભાઈ ગણાત્રા સનરાઈઝ સ્કૂલની મુલાકાતે













રાજકોટના સુપ્રસિદ્ધ સાંધ્ય દૈનિક અકિલા પરિવારના મોભી કિરીટભાઈ ગણાત્રાની સાવરકુંડલાની ટૂંકી મુલાકાત દરમિયાન સૌ પ્રથમ સૂર્યોદય પેટ્રોલ પંપ ખાતે ખુમાણ પરિવારના પ્રતાપભાઈ ખુમાણ, હનુભાઈ ખુમાણ, પ્રદ્યુમન ખુમાણ, ભગીરથ ખુમાણ દ્વારા તેમનું ખૂબ જ ઉષ્માભર્યુ સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ખુમાણ કાઠી દરબાર પરિવાર દ્વારા છેલ્લા ૩૫ વર્ષોથી સંચાલીત સાવરકુંડલા સ્થિત સનરાઈઝ સ્કુલની મુલાકાત લઈ તમામ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી ખૂબ જ આનંદ વ્યકત કર્યો હતો. ત્યારબાદ કુંડલાના મૂળ ગિરાસદાર ખુમાણ પરિવારના નિવાસ સ્થાનની મુલાકાત લઈ, રજવાડી પ્રાચીન સંસ્કૃતિનો વારસો નિહાળ્યો હતો. વિવિધ પ્રાચીન તાંબા, પીતળ, સોના, ચાંદી, પંચધાતુની વિવિધ હેન્ડમેઈડ વસ્તુઓનું કલેકશન નિહાળી ખૂબ જ રોમાંચિત થયા હતા અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, કિરીટભાઈ ગણાત્રાને પોતાના પિતા તુલ્ય માનતા અને ૧૯૯૪ની સાલથી પત્રકારત્વ ક્ષેત્રે કારકિર્દીની શરૂઆત અકિલાથી કરી આજે પણ ૩૦ વરસથી સાવરકુંડલા ક્ષત્રિય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ અકિલા પરિવાર સાથે જોડાયેલા છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિની

ચુડાસમા વિશેષ ઉપસ્થિત રહેશે તેમજ આ મીટીંગમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, પ્રદેશ કાર્યકારી પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર, પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા સહિત જિલ્લાના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ મીટીંગમાં પૂર્વ ધારાસભ્યો, પ્રદેશ સમિતિનાં હોદેદારો, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદેદારો, તાલુકા/ શહેર સમિતિનાં હોદેદારો, ચૂંટાયેલ કે ચૂંટણી લડેલા જીલ્લા પંચાયત ઉમેદવારો/તાલુકા પંચાયત ઉમેદવારો/નગરપાલિકા ઉમેદવારો તથા યુવક કોગ્રેસ, મહિલા કોંગ્રેસ, યુ.એસ.યુ.આઈ, ઓ.બી.સી. સેલ, કિસાન સેલ, સેવાદળ, એસ.સી. સેલ, શિક્ષક સેલ, લઘુમતી સેલ સહિતના તમામ સેલ ફ્રન્ટલના આગેવાનો અને જિલ્લાના તમામ કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## અવસાન નોંધ

**ચલાલા :** મ. હાતીમભાઈ અમીજીભાઈ હથીયારી (ઉ.વ. ૭૨) તે મ. રસુલભાઈ, મ. રજબભાઈ, અસગરભાઈ, સીરાજભાઈ, મ. ફીજયાબેન, મ. સકીનાબેન (રાજકોટ)નાં ભાઈ અને નફીસાબેનનાં શૌહર તે વાહીદભાઈ, ફખરૂભાઈ, અકીલભાઈ, રબાબબેનના બાવાજી તા. ૨૭/૨/૨૪ને મંગળવારનાં રોજ વફાત થયેલ છે.

મરહુમના જયારત તથા સીહમનાં ફાતેહા તા. ૨૯/૨/૨૪ને ગુરૂવારનાં રોજ ૧૧:૩૦ કલાકે મસ્જીદે મોહમ્મદી ચલાલા મુકામે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાંથી લાકડાની હેરફેર

લાકડા ચોરી અટકાવવા વન વિભાગ કટિબદ્ધ છે ચોરીની ખેર નહી રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણીએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, આ આરોપી ગુન્હાહિત ઈતિહાસ ધરાવતો હોય ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવશે. હાલ રૂપિયા ૩૦,૦૦૦ એડવાન્સ રિકવરી કરી આગળની કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું હનુમાન ખીજડીયાથી હેડા ડુંગર સુધી

અને જય કિસાનનાં નારા લગાવ્યા હતા અને હેડા ડુંગરે બિરાજતા માં ખોડિયારના દર્શન કરી તેના પરિસરમાં જ કિસાન આંદોલનમાં મૃત્યુ પામેલા બે કિસાનોના દિવ્ય આત્માને શાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થના સભા યોજી હતી. તો આ તકે ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલ આંબલીયાએ જણાવ્યું હતુ જે વર્તમાન ખેડૂત વિરોધી સરકાર ગુજરાતના ખેડૂતોને પાક વીમાના માંગ્યા મુજબના પત્રકો જાહેર કરી ખેડૂતોને મળવા પાત્ર રકમ ચૂકવે, જમીન માપણી રદ કરી નવી જમીન માપણી કરાવે અને કેન્દ્ર સરકાર સામે ચાલતા ખેડૂત આંદોલનની પંદર માંગણીઓ સ્વીકારી આંદોલનનો અંત લાવે. આ ત્રણ માંગણીઓ સાથે પાલ આંબલીયાએ અમરેલી જિલ્લા કિસાન કાંગેસના પ્રમુખ સત્યમ મકાણીના ગામ હનુમાન ખીજડીયાથી ટ્રેકટર રેલી યોજી ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરી હેરડા ડુંગરવાળી માં ખોડલને પ્રાર્થના કરી હતી.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## પાના ૧ ઉપરનું ચાલું ડુંગળીમાં બાફીયો નામનો રોગ

ખેડૂતો ડુંગળીમાં બે પૈસા કમાવવાની આશાએ ફરી ડુંગળીનું વાવેતર કર્યુ હતું.

પણ અમરેલી જિલ્લાના જગતાત પર જાણે કુદરત કોપાઈમાન હોય તેવી સ્થિતિ વચ્ચે અચાનક ડુંગળીના પાકમાં બાફીયો નામનો રોગ આવતા ડુંગળીમાં નીચેથી જ ડુંગળીઓ કપાઈ જાય છે અને ડુંગળી આખી ખરાબ થઈ જવાની ભીતી વચ્ચે ખેડૂતોને હવે પાક લણવાના સમયે જ બાફીયો રોગે મુશ્કેલીમાં મૂકી દીધા છે અને ખેડૂતોને કાળી મંજૂરી કરીને ખેતરમાં પકવેલા ડુંગળીના પાક પર બાફીયો રોગ હાવી બની જતા ડુંગળીના છોડ પીળા પડી ગયા છે. તો ડુંગળી પણ બળીને ખાખ થઈ ગઈ હોય તેમ કાળી પડી જવા પામી હોવાનો ખેડૂત વસવસો વ્યકત કરી રહ્યા છે.

અગાઉ ચોમાસામાં કપાસમાં નિષ્ફળતા મળી તો ડુંગળીમાં કમાઈ લેવાની આશાઓ પર બાફીયો રોગ હાવી થયો અને ડુંગળીઓ નીચેથી સડી જવા લાગી છે. ત્યારે એક વિઘાના વાવેતરમાં ૨૦ હજાર જેવો ખર્ચો કર્યા બાદ વાવેતર, બિયારણ, મજૂરી, દવા અને ડુંગળી સોંપવાથી લઈને ડુંગળી કાઢવાની મજૂરી પણ ખેડૂતોને માથે પડી હોવાની પ્રતિતિ સ્પષ્ટ ખેતરોમાં જોઈ શકાય છે. ત્યારે અમરેલી જિલ્લામાં ખેડૂતોને સરકાર સહાય આપે તો જ ખેડૂતો બેઠો થઈ શકે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી હોવાનું સ્થાનિક સરપંચ જણાવી રહ્યા છે.

ઘઉંમાં ઈયળ અને ઉધઈ આવ્યા બાદ ડુંગળીમાં બાફીયો રોગે ખેડૂતોની કમર ભાંગી નાખી છે. ત્યારે અમરેલી જિલ્લામાં ૧૧ હજાર ૭૦૦ હેકટરમાં ડુંગળીનું વાવેતર કર્યા બાદ ડુંગળી કાઢવાની કામગીરીમાં બાફીયો રોગ ખેડૂતો માટે મુશ્કેલી સર્જી દીધી હોય ત્યારે સરકાર આવા ખેડૂતોના સર્વે કરીને ખેડૂતોને સહાયરૂપ થાય તેવી અમરેલી જિલ્લાના ખેડૂતોમાંથી માંગ ઉઠી છે.

## પાના ૧ ઉપરનું ચાલું 30 લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો

તુટી જવાને કારણે રોડ ઉપર આવી ગયેલા. જેથી મોટર સાયકલમાં બેઠેલા મહંમદસફીને ઈલેકટ્રીક વાયરો ગળામાં ભરાઈ જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યું નિપજેલ હતું. જેનું મોટર વ્હીકલ એકટ અન્વયે વળતર મળવા તેના વિધવા જરીનાબેન મહંમદશફી વિગેરે – ૫ ના એ કલેઈમ કરેલ હતો. જેમાં પી.જી.વી.સી.એલની તકરાર હતી કે મોટર વ્હીકલ એકટનો કલેઈમ ચાલી શકે નહી, દાવો કરવો જોઈએ તથા માત્ર મોટર સાયકલનાં ડ્રાઈવરની કસુર હતી તેવી તકરાર કરેલ હતી. તે કેસ સાવરકુંડલા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ ડી.એસ.શ્રીવાસ્તવની કોર્ટમાં ચાલી જતા તેઓએ કલેઈમ ચાલી શકે તેથા સંપુર્ણપણે પી.જી.વી.સી.એલ.ની બેદરકારીથી બનાવ બનેલ હોય તેમ ઠરાવી પી.જી.વી.સી.એલ. કંપનીને રૂા.૧૫,૯૯,૮૦૦/–નું વળતર અરજીની તારીખથી ૯% વ્યાજ તથા ખર્ચે સાથે મળી કુલ રૂા. ૩૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ) જેવી રકમ ૩૦ દિવસમાં ચુકવવા પી.જી.વી.સી.એલ કું.ને આદેશ કરેલ છે.

આ કામે અરજદારો તર્ફે અમરેલીનાં જાણીતા એડવોકેટ એમ.જે.સૈયદ સિવિલ કોર્ટમાં જવાની જરૂર નથી. કલેઈમ ચાલી શકે તથા પી.જી.વી.સી.એલ.ની બેદરકારીથી જ બનાવ બનેલ છે. પી.જી.વી.સી.એલ. કું. વળતર ચુકવવા જવાબદાર છે તે અંગે સુપ્રિમ કોર્ટના તથા ગુજરાત હાઈકોર્ટના જુદા જુદા જજમેન્ટસ રજુ કરી ધારદાર દલીલો કરેલ હતી.

આ કામે અરજદારો તર્ફે અમરેલીના જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદ રોકાયેલા હતા.


સંકુલ ધો. ૬ થી ૧૨ કોમર્સ સાયંસ – ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ
૧ લી માર્ચથી સ્કૂલ – હોસ્ટેલ નવા પ્રવેશ નોંધણી શરૂ

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| ધો. ૬ થી ૮ GSEB | ૪૩૦૦ | ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૬૫૦૦ |
| ધો. ૯ – 10 GSEB | ૫૨૦૦ | ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૧૨૨૦૦ |
| ધો. ૬ થી ૮ ICSE | ૫૨૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૦૬૦૦ |
| ધો. ૯ – 10 ICSE | ૬૧૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૧૯૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થાપક– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચાક્કરગઢ રોડ, અમરેલી -Ad092


## જાહેર નોટિસ

:: સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી ::

અરજદાર : શ્રી વ્રજલાલ છગનલાલ વેકરીયા, રે.વલ્લભનગર, બ્લોક નં.૧૨, લાઠી રોડ, અમરેલી, તા.જિ. અમરેલી. — અપીલ રજી નં.૧૪/૨૦૨૪

// વિરૂધ્ધ //

સામાવાળા : જન્મ – મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,

– વ –

તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. દેવરાજીયા, તા.જિ. અમરેલી.

// નોટિસ //

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવરાજીયા ગામના **શ્રી વ્રજલાલ છગનલાલ વેકરીયા** તઓનો પુત્ર ધ્રુવકુમાર વ્રજલાલ વેકરીયાનો જન્મ **તા.૨૩/૦૭/૧૯૬૮**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજ **તા.૧૩/૦૨/૨૦૨૪ ના** રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૪ | ૧૫૦૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૬૫ | ૧૦૪૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૨ | ૧૨૬૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૪૫ | ૧૫૧૫ |
| ૪ | તલ સફેદ | ૨૫૨૦ | ૨૭૨૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૪૦૪૧ | ૪૦૮૫ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૫૫૦ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૧૧ | ૭૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૫ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૧૧૭ |
| ૧૦ | ચણા દેશી | ૧૨૫૧ | ૧૩૫૬ |
| ૧૧ | તુવેર | ૧૩૨૦ | ૧૮૨૫ |
| ૧૨ | વાલ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | કપાસ | ૧૦૬૫ | ૧૬૪૦ |
| ૧૪ | એરંડા | ૧૦૪૦ | ૧૧૦૫ |
| ૧૫ | જીરૂ | ૩૨૦૦ | ૫૨૭૦ |
| ૧૬ | રાયડો | ૮૮૫ | ૯૧૩ |
| ૧૭ | રાય | ૮૭૫ | ૧૧૫૬ |
| ૧૮ | ગમ ગુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ૧૯ | ધાણા | ૧૨૪૦ | ૧૯૩૦ |
| ૨૦ | ધાણી | ૧૩૦૦ | ૨૯૫૫ |
| ૨૧ | મેથી | ૧૦૬૧ | ૧૩૦૬ |
| ૨૨ | સોયાબીન | ૬૬૫ | ૮૦૦ |
| ૨૩ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૫૦૦ |
| ૨૪ | વરીયાળી | ૩૪૫૫ | ૪૩૮૦ |
| ૨૫ | સુવાદાણા | ૧૮૮૦ | ૧૮૮૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૦૩૧ | ૧૦૭૭ |
| ૩ | ચણા દેશી | ૧૩૩૨ | ૧૩૩૨ |
| ૪ | ઘઉં | ૫૩૦ | ૫૫૨ |
| ૫ | ધાણી | ૧૭૧૦ | ૧૭૧૦ |
| ૬ | ધાણા | ૧૨૮૦ | ૧૫૦૦ |
| ૭ | એરંડા | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૮ | જીરૂ | ૫૦૦૦ | ૫૧૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૬૫ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૮૮૫ | ૧૩૧૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૯૦૦ |
| ૫ | કપાસ | ૧૨૫૧ | ૧૫૪૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૧ |
| ૮ | જુવાર | ૪૭૦ | ૭૫૧ |
| ૯ | મકાઈ | ૫૪૭ | – |
| ૧૦ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૨ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૩૦૦ |
| ૧૨ | તુવેર | ૧૫૦૦ | ૧૮૮૦ |
| ૧૩ | એરંડી | ૧૦૭૬ | ૧૧૧૧ |
| ૧૪ | મેથી | ૯૫૦ | ૧૩૪૫ |
| ૧૫ | ધાણા | ૧૨૫૧ | ૨૩૦૧ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |
| ૧૭ | અજમા | ૧૭૫૧ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૬ | ૧૪૯૦ |
| ૨ | ઘઉં | ૩૭૧ | ૪૨૬ |
| ૩ | ચણા | ૧૦૦૫ | ૧૦૭૭ |
| ૪ | સફેદ ચણા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૫ | જીરૂ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૬ | તુવેર | ૧૬૦૦ | ૧૭૫૨ |
| ૭ | મેથી | ૯૭૫ | ૯૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૬૫ |
| ૨ | ઘઉં | ૪૪૦ | ૫૬૦ |
| ૩ | ચણા | ૧૦૧૯ | ૧૧૦૧ |
| ૪ | ધાણા | ૧૧૩૦ | ૧૪૧૦ |
| ૫ | તલ સફેદ | ૨૪૩૦ | ૨૮૦૦ |
| ૬ | રાઈ | ૯૯૦ | ૧૧૨૦ |
| ૭ | જીરૂ | ૪૨૬૦ | ૪૯૫૦ |
| ૮ | તુવેર | ૧૪૩૦ | ૧૫૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૨ | ચણા | ૯૯૪ | ૧૧૭૧ |
| ૩ | સોયાબીન | ૭૦૫ | ૭૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૫ | તુવેર | ૧૮૪૮ | ૧૮૪૮ |
| ૬ | ઘઉં લોકવન | ૩૯૬ | ૫૦૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૭૪ | ૪૮૬ |
| ૮ | ધાણા | ૯૦૫ | ૧૫૦૦ |
| ૯ | ચણા સફેદ | ૧૦૪૨ | ૧૦૪૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૯૦૦ |
| ૨ | કપાસ | ૧૦૫૧ | ૧૫૫૧ |
| ૩ | બાજરો | ૪૬૬ | ૫૧૪ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| ૫ | જુવાર | ૪૦૦ | ૮૫૫ |
| ૬ | મેથી | ૯૨૫ | ૧૪૭૫ |
| ૭ | તુવેર | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૯ | રાયડો | ૮૭૭ | ૮૭૭ |
| ૧૦ | રાજગરો | ૧૮૨૬ | ૧૮૨૬ |
| ૧૧ | સોયાબીન | ૮૦૫ | ૮૦૫ |
| ૧૨ | ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |

# હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા



સમગ્ર ગુજરાત રાજયમાં વિકાસના કાર્યો પુર જોશથી ચાલી રહ્યા છે ત્યારે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં લાઠી તાલુકાના હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજ બનાવવાના કામનો ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો. જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૧ કરોડ ૧૦ લાખની અનુદાનની રકમમાંથી હરસુરપુર વાંડળીયા વચ્ચે માઈનોર બ્રિજ બનાવવાની કામગીરી ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવશે, આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે, હરસુરપુર ખાતે માઈનોર બ્રિજના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગ્રામજનો સાથે ચર્ચા કરી બ્રિજનું કામ ગુણવત્તા યુકત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું. લાઠી તાલુકાના હરસુરપુર ગામે માઈનોર બ્રીજના ખાતમુહુર્ત પ્રસંગે લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, એટીવિટી સદસ્ય લાલજીભાઈ સાબલપરા, ગામના સરપંચ મહેન્દ્રભાઈ વાળા, પોપટભાઈ રૂપાપરા, વિનુભાઈ પડસાલા, કાંતિભાઈ દેવાણી, પરેશભાઈ બુહા, રાઘવભાઈ ખુમાણ, અરવિંદભાઈ દેવાણી, રાજુભાઈ દેવાણી, બેચરભાઈ બુહા સહિતના ગામના આગેવાનો, તાલુકા પંચાયતના સદસ્યો, ગ્રામ પંચાયતના સદસ્યો, ભાજપના તમામ હોદ્દેદારો તેમજ માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તુલેશભાઈ પડસાલા સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## મહેમાનો તથા વાલીઓની ઉપસ્થિતિમાં બગસરા શાળા નંબર-૪માં વાર્ષિકોત્સવ ઉજવાયો

### શાળાનાં બાળકોએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી



બગસરા, તા. ૨૭

બગસરા શાળા નંબર ૪ ખાતે શાળા પરિવાર દ્વારા ભવ્ય વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.વિગત અનુસાર બગસરા શહેરમાં જેતપુર રોડ પર આવેલી સરકારી પ્રાથમિક શાળા નંબર ૪ માં ભવ્ય વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, પાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયા, મહામંત્રી અશોકભાઈ પંડયા, ઉપપ્રમુખ ધીરૂભાઈ પીપળીયા, પત્રકાર સમીરભાઈ વિરાણી નગરપાલિકાના સદસ્ય મુકતાબેન બાવળીયા, પૂર્વ ટી.પી.ઈ.ઓ. દિવ્યેશભાઈ દુધરેજીયા તથા વાલીઓ અને શહેરીજનોની ઉપસ્થિતિમાં વાર્ષિકોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૨૦ જેટલા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી લોકોને સ્તબ્ધ કરી દીધા હતા. રાજય સરકાર દ્વારા શાળાના વિદ્યાર્થીનીઓને આપવામાં આવતી સ્વરક્ષણ તાલીમ અંતર્ગત પણ ખાસ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની સાથે સાથે વિદ્યાર્થીમાં દેશભકિત, લોકોમાં એકતા, ભાઈચારો તથા વ્યસન મુકિત માટેના વિચારો પણ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર શાળાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા શાળા દ્વારા કરવામાં આવેલ વાર્ષિકોત્સવને બિરદાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારના ચીમનભાઈ કયાડા, કિરીટભાઈ જોશી, અજીતભાઈ રૂપાપરા, અસ્મિતાબેન આસોદરીયા, પુનમબેન મેસવાણિયા, કાજલબેન કોટડીયા, નિરૂપમાબેન બોરીસાગર, સોનલબેન દોમડીયા, ભારતીબેન કાકડીયા, વિરલબેન જોષીએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન બીઆરપી કેતનભાઈ દીક્ષિત દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ શાળાના આચાર્ય ડી.એમ. ઠાકર દ્વારા કરવામાં આવી હતી.

## ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિનાં ગતકડાઓથી લોકપ્રશ્નો ઉકેલવાના નથી

# પરીક્ષાઓ અનુલક્ષીને ધાર્મિક મેળાવડા, કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જાથાની અપીલ

અમદાવાદ, તા. ૨૭

દેશભરમાં ફેબ્રઆરી, માર્ચ,એપ્રીલ મહિનો વિદ્યાર્થી જગતની કારકીર્દીનો નિણાર્યાત્મક, જીંદગીનો મહત્વનો સમયગાળો હોય છે. બોર્ડ, યુનિવર્સિટી, અન્ય શાખાઓમાં પરીક્ષાઓની પ્રાયોગીક, પ્રીલીમનરી, વાર્ષિક લેખીત, વાંચનનો શ્રેષ્ઠ સમયગાળાને અનુલક્ષીને આ સમય દરમ્યાન વિદ્યાર્થી જગતને નુકશાનકારક ધાર્મિક તેમજ રાજકીય પક્ષોના તાયફાઓ,મેળાવડા,મોટી કથાઓ ઉજવણીઓ બંધ રાખવા જોઈએ, ઘોંઘાટ વગરના ખાનગી હોલ, વાડી કે ગામથી દૂર ખુલ્લી જગ્યામાં યોજવી જોઈએ તેમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ રાજવ્યાપી અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ધાર્મિક,આધ્યાત્મિક,સાંસ્કૃતિક કે પ્રસંગોના મોટા મેળાવડાના ગતકડા ઉભા કરવાથી લોકોના એકપણ પ્રશ્ન ઉકેલાઈ જવાના નથી. બે,પાંચ વ્યકિતના પોતાના લાભ માટે તથા ધાર્મિક નેતા પોતાની મહતા વધારવા માટેના અને રાજકીય દ્રષ્ટીકોણના લાભના હેતુથી કરાયેલા આયોજનોનો જાગૃતો, બૌદ્ધિકો, વાલીજગતે સદૈવ વિરોધ કરવો જોઈએ.લોકોમાં જેમ જેમ શિક્ષણ વધું આવતું ગયું તેમ સ્વાર્થીપણા સાથે સહનશકિતનો ઉતરોતર વધારો થયો છે તે ચિતાનો વિષય છે. અભણ કરતાં શિક્ષિતો પોતાના અંગત લાભ માટે વિશાળ સમુદાયને ગુમરાહ કરે છે તે દુઃખદ છે. મે,જુન,જુલાઈમાં કે વર્ષ દરમ્યાન કોઈપણ વિષય કે પ્રસંગની ઉજવણી થઈ શકે છે.કોઈપણ રાજકીય પક્ષોએ વિદ્યાર્થી જગત માટે વિચારવું જોઈએ. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા ત્રીસ વર્ષના સર્વે કરતાં મોટાભાગના આયોજનો ત્રણ-ચાર માસના ગાળામાં યોજાય છે.તેમાં ધાર્મિક નેતાના જન્મદિન, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ઉત્સવો, સપ્તાહો, કથાઓ, ૨૫, ૫૦કે ૭૫ વર્ષનું ગતુકડું ઉભું કરી ધામધૂમથી ત્રણ થી દસ દિવસના આયોજનો કરવામાં આવે છે.મોટા આયોજનો પાછળ ૧૫ થી ૩૦ દિવસથી વધુ તૈયારી તડામાર ચાલતી હોય છે. જે સ્થળ,જગ્યાની પસંદગી કરવામાં આવી હોય તેની આસપાસ સ્થળ આસપાસ તૈયારીનો માહોલ,જાહેરાત,મીટીંગો,ભૂગળા માથા ઉપર મૂકવામાં આવે છે. કથાઓ કે ઉજવણીના સ્થળ આસપાસના રહીશો ભારોભાર મુશકેલીમાં અને સમસ્યાના ત્રાસનો સામનો કરતાં હોય છે. વિદ્યાર્થી જગતની કારકિર્દી ઉપર જોખમ ઉભું થાય છે. ધાર્મિક મેળાવડા,ઉજવણી હોય લોકો મૌન સહન કરવાનું પસંદ કરે છે. કાયદા વિરૂદ્ધ સમય મર્યાદા પછી ભૂંગળા વાગતા હોય તો જાહેરમાં બોલી શકાતું નથી. મોટી કથાઓ, ઉજવણીના દિવસોએ આયોજકો મોટી સંખ્યામાં લોકો આવી શકે તે માટે મફત જમવાની વ્યવસ્થા કરતાં હોય છે. જેથી ગરીબ પ્રજાના પરિવારો આઠ-દસ દિવસનું દુઃખ ભાંગવા સામુહિક ભાગ લેતાં હોય છે. ધાર્મિક આયોજક મોટી માનવ મહેરામણ ઉમટી પડી છે મંડપ ઓછા પડયા હોય તેવી ગુલબાંગો મારે છે. હકીકતે કથા, ઉજવણીમાં ભાગ લેવા કરતાં મફત ભોજન વ્યવસ્થાને આભારી હોય છે. ધાર્મિક નેતા આજકાલ પોતાની જ્ઞાન વાણીનો લાભ લેવા આવતાં શ્રદ્ધાળુઓ માટે મફત ભોજન વ્યવસ્થાની માંગણી કરતાં હોય છે જે આયોજકો સ્વીકાર કરતાં જણાથા છે.જયાં આયોજનો તેની આસપાસના રહીશો સ્વરછતા અભાવે બિમારીના ખાટલા પડે છે. આયોજકોનું ધ્યાન ભોજન, ફંડફાળ,પ્રચાર,આગતાસ્વાગતામાં હોય છે. ઉજવણી કે કથા સ્થળે આવતો મોટો સમુહ જાહેરમાં મૂતરડી, સંડાસ, ખાણીપીણી, વ્યસનોના કારણે પ્રદુષણ,રોગચાળાને આમંત્રણ આપવાના કારણે રહીશોમાં ઘરેઘરે મંદગીનો ખાટલા નજરે પડે છે. સારી રીતે શ્વાસોશ્વાસ લઈ શકાતો નથી. જેથી રાજયમાં પ્રદુષણયુકત,પરીક્ષાના અડચણરૂપ કિસ્સામાં સ્થાનિક રહીશો જો આગળ આવશે તો જાથા કાનૂની મદદ પૂરી પાડશે. પરીક્ષા દરમ્યાનના કિસ્સામાં જાથા આયોજકો તથા ધાર્મિક નેતાને આવેદનપત્ર પાઠવી ખાનગી હોલમાં યોજવા,ફેરફાર કે બંધ રાખવા સંબંધી લોકચળવળ ઉભી કરશે તેવી જાહેરાત કરવામાં આવે છે. પરીક્ષા દરમ્યાન ખાનગી હોલ,ગામથી દૂર, વાડીમાં કથાઓ, ઉજવણીઓ આવકારદાયક છે.

જાથાના ચેરમેન પંડયા જણાવે છે કે ઉનાળો શરૂ થાય અને ધાર્મિક નેતાઓ યુરોપના ખંડમાં ધર્મપ્રચારના નામે મોટી કમાણી અને ધાર્મિક પ્રચારના નામે વિદેશ ઉપડી જાય છે. તેથી દેશમાં મે મહિના પહેલા મોટા આયોજનો લોકોના માથા ઉપર મૂકી બે જગ્યાએ કમાણી કરે છે. અમુક ધાર્મિક નેતાને ડોલર,પાઉન્ડમાં રસ હોય છે. ફંડ-ફાળા માટે વિદેશ ઉતમ છે. ભારતના લોકોને ધાર્મિક નેતાઓની વાણી,જ્ઞાન સમજવામાં હજુ ૫૦૦ વર્ષની પ્રતિક્ષા કરવી પડશે. લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ,તર્કને સ્થાન આપશો તો તુરંત વૈજ્ઞાનીક દ્રષ્ટીથી સમજી જશો તેવું જાથા માને છે. ધાર્મિક નેતાઓ તથા ઉજવણીઓ દેશની એક પણ સમસ્યા ઉકેલી શકયા નથી તે કડવી વાસ્તવીકતા છે.વિશેષમાં એડવોકેટ જંયત પંડયાએ મુખ્યમંત્રી પત્ર પાઠવી જણાવ્યું કે ભારતના બંધારણ મુજબ રાજયની પ્રથમ જવાબદારી શિક્ષણની છે. ધર્મ,ધાર્મિક ઉજવણીઓ કે તેની બાબતો કે તેનો પ્રચાર રાજયના દાયરામાં આવતો નથી.ધર્મ,સ્વાત્રયનો ખ્યાલ બંધારણમાં તેમજ અનુરછેદ ૨૫ માં વિસ્તૃત છે. દરેક વ્યકિતને અંગત પોતાની નીતિ નકકી કરવાની છૂટ છે. ધર્મ,ધાર્મિક રૂચિ બંધારણનું અપમાન છે. સરકારનું કાર્યક્ષેત્ર નથી છતાં ધાર્મિક બાબતોમાં મતબેંકને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. ધાર્મિક બાબતોમાં મતબેંકને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. ધાર્મિક,આધ્યાત્મિક,સાસ્કૃતિકના ગાવણા કરવાથી આજયની એકપણ સમસ્યાઓ હલ થવાની નથી. ઉપરાંત રોજગારી, મોઘવારી, બેકારીનો પ્રશ્ન દિન-પ્રતિદિન વધતો જાય છે. દેશની રોજગારી યક્ષ સમસ્યા છે.પ્રજાના કરવેરાના પૈસામાંથી રાજકીય પક્ષો તેમજ ઉત્સવો પાછળના ખર્ચ,સમય,શકિત,સંપતીનો ધુમાડો ગેરબંધારણીય અને અપ્રસ્તુત છે. શિક્ષણની બાબતમાં આપણું રાજય અગ્રેસર નથી તેમાથી ધડો લેવાની જરૂર છે. સરકાર પરિપત્ર કરી પરીક્ષા સમયે ખાનગી હોલ,દૂરના મેદાનમાં યોજાય તે સંબંધી ઠોસ ઉઠાવવાની જરૂર છે. સરકારે ધાર્મિક નેતાની ખુશામતગીરીમાંથી બહાર આવવું પડશે.પ્રજાનું હિત જોવાની રાજયની ફરજ છે. એક કે બે દિવસીય પાંચ-સાત કલાક માટેના ધાર્મિક ઉત્સવ મેળાવડાના આયોજનનો કદી વિરોધ હોઈ શકે નહી. વર્તમાન સમયમાં ક્રિકેટ જગત ઉપરાંત આતંરરાષ્ટ્રીય રમત-ગમત સ્પર્ધા બાબતે પણ જાથા પાસે પ્રશ્નો આવે છે લોકોએ વિવેકબુદ્ધિથી નિર્ણય કરવાથી પોતાનું હિત જાળવી શકાય છે તેવું જાથા માને છે. ધર્માંધતામાં વ્યકિત વિચારશૂન્ય બની જાય છે તેથી લોકહિતમાં વિચારવું જોઈએ.

અંતમાં પંડયા જણાવે છે કે જાથા સમાજનું અંગ છે. ધર્મ,ઉત્સવ,કથા કે ઉજવણીનો વિરોધ નથી પરંતુ પરીક્ષાઓને ધ્યાને રાખી ધાર્મિક આયોજકો અને રાજકીય પક્ષો વિદ્યાર્થીઓને ઓછી મુશ્કેલી પડે તે બાબતે વિચાર કરે તેવી નમ્ર અપીલ કરવામાં આવે છે. કાનૂની સંબંધી કે લોકચળવળ માટે ઓછામાં ઓછા પાંચ નાગરિકોએ રૂબરૂ સંપર્ક કરી લેખિત-મૌખિક માહિતી આપવાથી જાથા વિદ્યાર્થીનાં હિતમાં જનઆંદોલન ચલાવશે તેવી જાહેરાત કરવામાં આવે છે.જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ વિજ્ઞાન જાથા, ''જય વિજ્ઞાન'', ૧ જીવનનગર, કનૈયા ચોક પાસે, રૈયા રોડ, રાજકોટ-૭ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## 'ચાલુ વાહને મોબાઈલ'માં વાત કરતા ચાલકોને રોકી સમજાવવા જરૂરી

દામનગર, તા. ૨૭

દિવસેને દિવસે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ગુજરાત અને દેશમાં કાયમ હજારોની સંખ્યામાં થતા માર્ગ અકસ્માતોમાં નિર્દોષ લોકો મોતને ભેટે છે. સરકાર નવા-નવા નિયમો અને કાયદા બનાવે છે, પણ કોણ કેટલો અમલ કરાવે છે, તે સમજાતું નથી..ઠીક છે - ખેર આપણે જાણીએ છીએ કે ચાલુ વાહને મોબાઈલમાં વાત કરવી નિયમ અને કાયદાની વિરૂદ્ધ છે..છે..!! છતાં શરૂ શરૂમાં તંત્ર એ કડક રીતે અમલ કરાવ્યો હતો તે જાણમાં છે, પછી શું નિયમ અને કાયદાનું પોટલું બાંધીને મૂકી દીધું, હોય એવું સ્પષ્ટ છે કે બીજું કાંઈ... દિન પ્રતિ દિન અકસ્માતો ઘટવાને બદલે વધી રહ્યા હોવા છતાં સરકાર કે વહીવટી તંત્ર ગંભીર નથી..!! માર્ગ સલામતિ સપ્તાહની ઉજવણી થાય છે તે સારી બાબત કહેવાય, પરંતુ જો વાહન ચાલકો નિયમોનું ઉલ્લંઘન કરે અને પછી અકસ્માત થાય ત્યારે જવાબદારો દોડતા થાય.... 'ઘોડા છૂટી જાય પછી તબેલાને તાળા મારવા કરતા જો કોઈની પણ શેહશરમ રાખ્યા વગર નિયમો - કાયદાનો અમલ કરાવાય તો અકસ્માતોનું પ્રમાણ દિવસે-દિવસે ઘટવા લાગે અને ખુદ વાહન ચાલકો સજાગ બની જાય..!! પ્રથમ તો તૂટેલા માર્ગો નવા અને પહોળા કરવાની જરૂર છે. વાહન વ્યવહાર કેન્દ્રીય મંત્રી નિવેદનમાં જણાવે છે કે ૨૦૨૪ ની સાલમાં ભારત દેશના તમામ માર્ગો અમેરીકા દેશમાં છે એવા રસ્તાઓ બનાવવામાં આવશે.,!! તે ખબર પડશે ..હવામાં ગોળીબાર કરવા કરતા, વિકસિત ભારત દેશ આંતરરાષ્ટ્રીય સ્તર પર શ્રેષ્ઠ બને એવી સૌ અપેક્ષા રાખીએ.

## અમરેલી જિલ્લા પંચાયત ખાતે અમૃત આહાર બજારનું આયોજન

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લા પંચાયત ખાતે આગામી તા. ૩ થી તા.૫ માર્ચ-૨૦૨૪ દરમિયાન સવારે ૯.૩૦ વાગ્યે અમૃત આહાર બજારનું આયોજન ધરવામાં આવશે. ગ્રાહકોને પ્રાકૃતિક કૃષિ પેદાશો મળી રહે તે માટે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેત પધ્ધતિથી ઉત્પાદિત ખેત પેદાશોનું વેચાણ કરવામાં આવશે. રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોય, પ્રાકૃતિક ખેત પધ્ધતિથી પકવવામાં આવી હોય તેવી ખેત પેદાશો ઝેર મુકત હોય છે. તુવેરદાળ, મગ દાળ, અડદ, મગ, રાઈ, જીરૂ, ધાણા, હળદર, લાલ મરચું, સીંગ તેલ, બાજરી, સરગવાનો પાઉડર, કોઠીંબા, ભીંડાની કાચરી, સેવ, છાશ મસાલા, દેશી બીજ, શાકભાજી અને ઘરવપરાશની (પ્રાકૃતિક ખેત પધ્ધતિથી પકવવામાં આવી હોય) ચીજવસ્તુઓનું વેચાણ પણ આ બજારમાં કરવામાં આવશે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અને જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓની ખરીદી માટે અમૃત આહાર બજારની મુલાકાત લેવા અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટ નિયામકે એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

## સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતમાં અમરેલીના આગેવાનોની નિમણુંક

અમરેલી, તા. ૨૭

ઉત્તમ કાર્યોને ધ્યાને લઈ ઉત્સાહી અમરેલી પ્રજાપતિ સમાજના અગ્રણીઓ પ્રજાપતિ વિજયભાઈ ધંધુકિયાને અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે અલકાબેન ગોંડલીયાને પ્રદેશ મહિલા મંત્રી તરીકે અશ્વિનભાઈ પ્રજાપતિ પ્રદેશ યુવા સંગઠન મંત્રી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

# કોટડાપીઠા કન્યાશાળા પે.સેન્ટર ખાતે સાંસ્કૃતિક અને દાતાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો



બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે કોટડાપીઠા કન્યા પે.સેન્ટર શાળાનાં સંકુલમાં શાળાના ૧૦૩ વર્ષમાં મંગલ પ્રસંગ તા. ૨૬/૨/૨૪ ના રોજ ભવ્ય રીતે ઉજવાયો જેમાં દિપપ્રાગટય શાળાનું સેલીબ્રેશન સાસ્કૃતિક કાર્યક્રમો દાતાઓનું સન્માન, શિક્ષકોનું સન્માન યોજાયેલ હતું. આ પ્રસંગે ગોપીનાથ મોટર્સ રાજકોટ તરફથી શાળાને વોટરકુલર તેમજ રામ પરિવાર વતી રાજુભાઈ ભટ તરફથી બાળકોને દફતર, તેમજ રાજકોટ સ્વયંમસીધ્ધ ટ્રસ્ટ રાજકોટ તરફથી પાટી તેન સહિતનાં સેટ યમવામાં રાખેલ આ કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના ગીતો હુડો તેમજ અન્ય નાટય રીતે વિવિધ કાયક્રમો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ તેમાં ઉપસ્થિત આગેવાનો શિક્ષકોએ રોકડ પુરસ્કાર રૂપે ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ હતા. શાળાના મેદાનમાં યોજાયેલા આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓના વાલીઓ બહેનો તેમજ ગ્રામ્યજનોએ વિશાળ હાજરીમાં યોજાયેલ હતો. કોઠડાપીઠા કન્યા પે.સેન્ટર શાળાના આચાર્ય અજયભાઈ હુદડની રાહબરી નીચે શાળાનાં શીક્ષકો દ્વારના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ હતી.

## વડિયા પંથકનાં ખેડૂતોએ એમએસપીની માંગને સમર્થન કર્યુ

# હનુમાન ખીજડીયાથી હેડા ડુંગર સુધી ટ્રેક્ટર રેલી યોજાઇ

**કિસાન કોંગ્રેસનાં અગ્રણી પાલ આંબલીયા અને સત્યમ મકાણીની આગેવાનીમાં શાંતિસભા યોજાઈ**

**પાટનગર દિલ્હીની સરહદે આંદોલનમાં મૃત્યુને ભેટેલ ૨ ખેડૂતોને શ્રધ્ધાંજલિ પાઠવી**

**જમીન માપણી રદ કરવા, પાકવીમાનાં પત્રક જાહેર કરવા સહિતની માંગ પણ કરાઈ**

**ખેડૂતોએ જય જવાન જય કિસાનનો નારો લગાવ્યો હતો**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨૭

ચૂંટણી આવતાની સાથે જ દરેક સંગઠનો પોતાની પડતર માંગણીઓને લઈને આંદોલનો કાર્યરત કરતા હોય છે. ત્યારે દેશમાં સૌથી વધુ વસ્તી ધરાવતા વ્યવસાયે ખેડૂત હોય તેવા લોકોની વસ્તી વધુ હોવાથી અને દેશ અને વિદેશના લોકોને અનાજ પૂરૂં પાડતા હોવાથી તેને અન્નદાતાનું બિરૂદ અપાયું છે. અન્નદાતાઓ ધ્વારા પોતાની પડતર માંગણીઓને લઈને છેલ્લા થોડા સમયથી દિલ્હી બોર્ડર પર કિસાન આંદોલન શરૂ કરાયું છે. ત્યારે તેને સમર્થન આપવા માટે ગુજરાત કિસાન કાંગેસના પ્રમુખ પાલ આંબલીયા અને અમરેલી જિલ્લા કિસાન કાંગેસના પ્રમુખ સત્યમ મકાણીના નેતૃત્વમાં કિસાન આંદોલનના સમર્થમમાં અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા વડિયાના છેવાડાના ગામ હનુમાન ખીજડીયા ગામેથી હેરડા ડુંગર સુધી ટ્રેક્ટર રેલી યોજી કિસાન આંદોલનને સમર્થન આપવામાં આવ્યુ હતુ અને જય જવાન

અનુસંધાન પાના ૬ ઉપર

### વીકટર માર્ગ પરની ઘટના

## રાજુલામાંથી લાકડાની હેરફેર કરનાર ટ્રકને ઝડપી લેવાયો

**સ્થાનિક વન વિભાગે કરી કાર્યવાહી**




રાજુલા, તા. ૨૭

રાજુલા વન વિભાગે લાકડા ચોરો સામે લાલ આંખ કરી છે. ત્યારે રાજુલાના વીકટર રોડ પર વનવિભાગ રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણી અને ગજાનંદભાઈ, મનીષભાઈ, ગુલમહામદભાઈ સહિત સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન લાકડા ભરેલ ટ્રક આવી રહ્યો હતો અને તપાસ કરતા પાસ પરમીટ વગરનો હોવાથી અમરેલી ડીસીએફ મુંજાવરની સુચનાથી રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણી સહિતની ટીમ દ્વારા ગેરકાયદેસર લાકડાની હેરાફેરી કરતા ટ્રક સાથે આરોપીને પકડી પાડયા હતાં. ટ્રક ગાડી નંબર જીજે–૦૧ સીટી ૪૦૭૦ ના આરોપી ગોપાલ બાંભણીયા ગામ ઉના નામના આરોપીને લાકડા વાહન સાથે અટકાયત કરી ભારતીય વન અધિનિયમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજુલા પંથકમાં ગેરકાયદેસર

અનુસંધાન પાના ૬ ઉપર

### અમિત શાહ મધ્યપ્રદેશ કે અન્ય કોઈ રાજયમાંથી ઝંપલાવે તેવી ચર્ચા

## ગુજરાતની તમામ ૨૬ બેઠકો ઉપર ભાજપ તરફથી નવા ચહેરારૂપી બ્રહ્માસ્ત્ર છોડવામાં આવે તેવી શક્યતાઓ

**કંઈક નવું કરવા જાણીતા બનેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવો પ્રયોગ કરે તેવી સંભાવના**

અમરેલી, તા. ૨૭

ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો ઉપર ભાજપ ૨૦ થી ૨૨ ઉમેદવારોને બદલાવે તેવી શકયતાઓ વચ્ચે એવી ચર્ચાએ પણ જોર પકડેલ છે કે કદાચ તમામ ૨૬ ઉમેદવારને બદલવાનો પ્રયોગ થાય તો પણ નવાઈ જેવું નહી રહે. ભાજપનાં નંબર વન નેતા નરેન્દ્ર મોદી નવતર પ્રયોગ કરવા માટે જાણીતા હોય તેઓ નંબર–ટુ ગણાતા અમિત શાહને પણ ગાંધીનગરને બદલે મધ્યપ્રદેશ કે અન્ય કોઈ રાજયમાં ઉમેદવાર બનાવે તો નવાઈ જેવું નહી રહે. ભાજપ હાઈકમાન્ડ ધ્વારા યુધ્ધનાં ધોરણે ઉમેદવારની પસંદગી પ્રક્રિયા શરૂ હોય આગામી થોડા જ દિવસોમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ ડેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ४૬૭०२


### તૃપ્તીબેન ધાધલ નામની ૨૨ વર્ષની

## ધુડીયા આગરીયા ગામની યુવતીનું એસિડ પી જવાથી સારવાર દરમિયાન મોત

**રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાના ધુડીયા આગરીયા ગામે રહેતી તૃપ્તીબેન જીતુભાઈ ધાંધલ નામની ૨૨ વર્ષિય યુવતિએ ગત તા. ૨૨/૮/૨૩ના મરણ જનારે પોતાના ઘરે પોતાની મેળે એસીડ પી જતા તેણીને રાજુલા તથા રાજકોટ દવાખાને સારવાર શરૂ હોય અને સારૂ નહી થતા તેણીનું તા. ૨૬ના રોજ રાજુલા સરકારી દવાખાને મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


આમ આદમીનું અખબાર
અમરેલી amreli express એક્સપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના


સચોટ-સટીક
સાતત્યસભર દૈનિક
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)